એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ


વર્ષ : ૫ ● અંક-૧

ઓક્ટોબર – નવેમ્બર '૦૯



**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭

**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**

● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ

**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ
ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ**
www.gnyatisetu.com

**ઈ-મેલ**
editor@gnyatisetu.com



છુટક કિંમત રૂા. ૨૦/-
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

**કોમ્પ્યુટર ટાઈપ-સેટીંગ**
મુદ્રા કોમ્પ્યુટર્સ, મણિનગર, અમદાવાદ.



'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.


## તંત્રી સ્થાનેથી



સેતુના વ્હાલા વાંચકોને નૂતન વર્ષ શુભેચ્છા. ગત વર્ષની આપણા સમાજની ગતિવિધિઓ પર સરસરી દૃષ્ટિ કરીએ તો જણાશે કે ખરેખર આપણો સમાજ પ્રગતિને પંથે ધીમા પણ મક્કમ પગલા ભરી રહ્યો છે. અંદાજે ૭૦થી પણ વધુ આપણી બાળાઓએ ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. અને હવે તો આપણા તરૂણો પણ વિવિધ પ્રકારના અભ્યાસ ક્ષેત્રે રસ દાખવી રહ્યા છે. જરૂર પૂરતી મૂળભુત શૈક્ષણિક ક્ષમતા મેળવ્યા પછી કોઈપણ વ્યવસાય ક્ષેત્રે નવો અભિગમ અપનાવવામાં મદદરૂપ થાય છે. જેની પ્રતીતિ હવેના યુવા વર્ગને થઈ છે. વિકાસની આ પ્રક્રિયા પ્રત્યે આપણી સજાગતા આપણને અવશ્ય સફળતા અપાવશે.

આ વર્ષની એક ખાસ ઉપલબ્ધિ છે – ભુજ જ્ઞાતિ સમાજ દ્વારા સગાઈ પ્રસંગોમાં વિવેક દાખવવા અંગેનો નિર્ણય. જેનો મહદ્ અંશે આમ સમાજ દ્વારા સ્વીકાર થયો છે. અમને વિશ્વાસ છે કે આપણા અન્ય જ્ઞાતિ સમાજો પણ સ્થાનિક સ્થિતિ અને સમજ અનુસાર એને અપનાવશે. અમદાવાદ મધ્યે પ્રાયોગિક ધોરણે ઊભી થયેલી છાત્રાલય વ્યવસ્થા, આ વર્ષની બીજી ઉપલબ્ધિ છે. પ્રથમ શૈક્ષણિક વર્ષે જ એની પૂરી કેપેસીટી ઉપયોગી થઈ છે અને અહીં રહેતા છાત્રોએ આ વ્યવસ્થા વિશે પૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો છે.

ભુજ જ્ઞાતિ સમાજે આ વર્ષે નૂતન વર્ષ સ્નેહ મિલન ગોઠવીને એક નવી પ્રણાલી પાડી છે. આજે જ્યારે આપણા પરિવારોને નછુટકે દૂરદૂર છુટાછવાયા રહેવું પડે છે ત્યારે વર્ષમાં એક વખત અરસપરસ મળી શકે અને સમાજના વડીલોના સહુને અનુકૂળ એવા એક જ સ્થળે આશિર્વાદ મેળવી શકે એનાથી રૂડુ શું?

અંતમાં સેતુના વ્હાલા વાંચકો, એમના પરિવારો તેમજ સમસ્ત જ્ઞાતિજનોને વિક્રમનું આ વર્ષ સર્વ રીતે સુખદાયી નીવડો તેવી પ્રભુ પ્રાર્થના.

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |

# ગુજરાતમાં પ્રથમ વાર આયોજીત

## જ્વેલરી એક્ઝીબીશન

## Gujarat Jewellery Show-2010

GUJARAT JEWELLERY SHOW
GJS
*The Trend of Trade*

- ગુજરાત ભરના હોલસેલર્સનો ભવ્ય જ્વેલરી શો.
- એક મેક સાથે સંપર્ક કરવાનો ઉત્તમ મોકો.
- વ્યાપારના વિકાસ માટે ભરપૂર ઉજળી તકો.
- અને આનાથી વિશેષ ઘણું બધુ.

**તારીખ**
૧-૨-૩ જાન્યુઆરી
૨૦૧૦

**સ્થળ**
કર્ણાવતી કલબ, એસ.જી.હાઈવે,
અમદાવાદ, ગુજરાત.

**પ્રદર્શન સમય : સવારે ૧૦ થી સાંજે ૫**

**પિયુષ આચાર્ય : ૯૯૨૫૪૦૪૦૫૨**

**જીજ્ઞેશ પાટડીયા : ૯૨૨૭૮૨૮૬૦૨**

"પારકર ગોલ્ડ"નાં સોનાના ભાવના **Free SMS** મેળવવા Log on to
www.indianjewellerydirectory.com

કુ. એકતા કટ્ટા - અંજાર

*"गते शोको न कर्तव्यो, भविष्यं नैव चिन्तयेत ।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ।।"*

***અર્થાત્*** "જે થઇ ગયું તે વિષે શોક ન કરવો. ભવિષ્યની ચિંતા ન કરવી. સમજુ માણસો તો હંમેશા વર્તમાનકાળનો જ વિચાર કરે છે."

"અબ પછતાયે ક્યા હોત, જબ ચીડિયા ચુગ ગઇ ખેત... જેવી ઉક્તિનાં અર્થ સમું ઉપરોક્ત સુભાષિત સમયસૂચકતાનો પર્યાય સિદ્ધ થઇ રહ્યો છે. ઘણાં તત્ત્વચિંતકો દ્વારા મહત્ત્વ પામી વિવિધ સિદ્ધાંતોનો પાયો બનનાર સમયને સમજી માણસે જીવવું જોઇએ તેવું સુભાષિતકારે પ્રકટ કર્યું છે. જે સમય હાથમાં છે તે જ યોગ્ય છે, હાથથી સરી ગયેલ અને હાથમાં આવનાર (તેમાંય આવશે કે નહીં તે નિયત નથી તેવા) સમય વિષે વિચારવું અયોગ્ય છે તે સુભાષિતનો સાર છે.

સમયની ગતિ તો કદાચ પ્રત્યેક કાળમાં સમાન જ રહી હશે પરંતુ, આ સમયને મહત્ત્વ આપી જીવનાર માનવ સમુદાયમાં થતાં પરિવર્તનોની ઝડપ અને તેની જીવન શૈલીની ગતિ-ઝડપ કદાચ કોઇ કાળમાં ઘટી અથવા વધી હશે અને તેનાં પરિણામે સમય ધીમું અથવા ઝડપી જણાયું હશે! ચિંતકોએ આધુનિક કાળની આ બન્ને ગતિઓને તમામ પૂર્વકાળો કરતાં સવિશેષ ઝડપી લેખાવી છે. આ ઝડપનાં આધારે સમય પણ ઝડપી બની રહ્યું છે. હા! અત્રે જે ઝડપ છે તે સમયની સૂચક છે કે જે સમય છે તે ઝડપનો સૂચક - તે નિયત કરવું ઘણું જ અઘરું છે! જે હોય તે-પરંતુ, ઉપરોક્ત સુભાષિત સાંપ્રત સમયમાં માનવ સમુદાય માટે ઉત્સાહપ્રેરક જરૂર સિદ્ધ થઇ શકે છે.

અતિ ઝડપી અને જટિલ જીવન શૈલી, વ્યવહારો અને પરિવર્તનોમાં આધુનિક માનવ સમુદાય યોગ્ય દિશા વગર જાણે બેબાકળો બની દોડ્યા જ કરે છે. પાછળ રહી જવાના ભય હેઠળ સતત માનસિક બોજ મહેસૂસ કરે છે. ત્યાં સુધી કે પોતાના જીવનનો ધ્યેય પણ તે પોતે હજુ નિયત કરે ન કરે ત્યાં ઝડપી સમયની ફિટકાર તેને આંખો બંધ કરી દોડતો કરી મૂકે છે. જ્યારે આંખો ખોલે ત્યારે કાં તો તેને હાથમાંથી સરી ગયેલ અણમોલ સમયનો અહેસાસ નિરાશ કરી મૂકે છે કાં તો હજુ ઉજ્જવળ સમય તો હવે આવશે તેવો પોકળ આશાવાદ તેની ગતિશીલતા અવરોધે છે. તેમાંય આ ઝડપનાં વાયરામાં યુવા વર્ગ અનુભવની ઓછપ અને જુવાનીનાં અતિ જોશનાં આધારે બહુ ઊંચે ઊડી, અંતે નિરાશાની ગર્તામાં પછડાય છે.

ઉપરોક્ત સુભાષિતનો આધાર લઇએ તો જે સમય વીતી ગયો તેની બાબતે નિરાશ થયા વગર અને આવનારા સમયની રાહ જોયા વગર જે સમય હાથમાં છે તેમાં સારામાં સારું જીવન કયુ હોઇ શકે? સારામાં સારું ધ્યેય કયું હોઇ શકે? તેનો ત્વરિત નિર્ણય લઇ ચાલવા માંડવું જ યોગ્ય સિદ્ધ થઇ શકે. એક ગીતમાં તો જીવવાવાળા માટે સ્પષ્ટ કહેવાઇ ગયું- "જીને વાલે સોચ લે યહી વક્ત હૈ કર લે પૂરી આરઝૂ, આગે ભી જાને ન તૂ, પીછે ભી જાને ન તૂ, જો ભી હૈ બસ યહી એક પલ હૈ..."

માત્ર અહીંથી અટકવું નથી, જે સમય હાથમાં છે તે જ આપણો છે એ વિચાર આપણાં જીવનને સાર્થક દિશા, ધ્યેય અને ઝડપ બક્ષી શકે છે. પરંતુ, વીતેલા સમય અને આવનારા ભવિષ્યની સદંતર અવહેલના પણ ત્યાજ્ય જ છે. વીતેલો સમય માનસિક બોજ ન બનતાં અનુભવોનો વારસો સિદ્ધ થાય અને આવનારા ગમે તેવા સમય માટે પણ સુસજ્જતા કેળવાય તેવાં વર્તમાનને જીવવાને જ વાસ્તવમાં સમજદારી સાથે આધુનિક કાળ ન કહેવાય?

વીતેલું વર્ષ અનુભવ વારસો નિવડે અને આવનારું સમય ઉજ્જવળ બને તેવાં સુંદર વર્તમાન સમય માટે તમામ વાચકગણ ને નૂતન વર્ષની શુભકામના! ■

## દિપાવલીની શુભકામના

*'ઘરે ઘરે પ્રગટાવી દિવડા કરી*
*બધા આંગણામાં રંગોળી*
*અને કરશે પાઠવવા શુભેચ્છા*
*જ્યારે એક જ્યોતની જ્યોત સળગાવી,*
*સૌના મનને થશે નવી ખુશી ફરી*
*જાણશે ચોપડા જેવા દેવતાનું જ પૂજન,*
*લઇ સૌ અનેક જાતની મીઠી મીઠી*
*વાનગીઓ ભૂલી જઇ દુશ્મનાવટ*
*ની ભાવનાને જ જ્યાં,*
*ત્યારે સાથે મળી સૌ મનાવશે*
*દિપાવલીની જ શુભકામનાઓ"*

**જાનકી તરૂણ સાકરીયા**

## નવા વર્ષનો પ્રસંગ

*લેશે કોઇ સોના કે ચાંદી જ્યાં*
*ને મનાવશે નવા વર્ષનો પ્રસંગ,*
*વાપરી જાણે બળતણવાળા ભંભૂ,*
*ફૂલઝળી કે ફટાકડાંને*
*જ્યાં કરશે ઘરઘરની જ્યોતિમાં*
*સળગાવી જ્યોત નવા વર્ષના*
*પ્રસંગને*
*મળી સાથે બધા ભાઇબંધુઓ એકમેક*
*પાઠવશે શુભેચ્છા નવા વર્ષની*
*જ ત્યારે મનાવશે*
*આ દુનિયા નવા વર્ષનો એક*
*મંગલકારી અને નવા*
*વર્ષનો જ પ્રસંગ.*

**જાનકી તરૂણ સાકરીયા**

# પૂજા સામગ્રી

પ્રેષક : બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ

*'પત્રં પુષ્પં ફૂલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ! તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ'*

'પત્ર, પુષ્પ, ફળ કે જળ જે મને (ઇશ્વરને) ભક્તિપૂર્વક અર્પણ કરે છે તે શુદ્ધ ચિત્તવાળા ભક્તે આપેલા પદાર્થને હું ગ્રહણ કરું છું.'

ભાવનાથી અર્પણ કરાયેલી અલ્પ વસ્તુને ભગવાન સહર્ષ સ્વીકાર કરે છે. પૂજામાં વસ્તુનું નહિં ભાવનું મહત્ત્વ છે. ઈશપૂજન કરવાની આકાંક્ષા જીવનમાં કોને નથી જાગતી? પ્રભુ જો પ્રત્યક્ષ સામે આવીને ઉભા રહે તો શી રીતે તેમની પૂજા કરવી એ વિષેના અનેક વિચારો માણસ કરતો હોય પરંતુ ખરેખર એવો પ્રસંગ ઉપસ્થિત થતાં એને કશું જ સૂઝતું નથી. એની ઇન્દ્રિયો સ્થિર બની જાય છે, વાણી વિલીન થઇ જાય છે. જાણે એ સર્વે પ્રભુને નિહાળીને કૃતકૃત્ય ન બની ગયા હોય! છેવટે આંખ એની સહાયે આવે છે અને અશ્રુજલથી ઈશપૂજા થાય છે, અને એ ભાવવિભોર માનવ પ્રભુને કહે છે, બીજું તો કંઇ કરી શકતાં નથી ભગવાન તને નીરખીને મારી આંખો ભાવાશ્રુથી ભીની થઇ.

માનવ જ્યારે આટલી ભાવાવસ્થા પર ના હોવા છતાં વિચારશીલ જાગૃત ભૂમિકા પર હોય ત્યારે પણ એને લાગે છે કે પ્રભુ પર કેવળ પત્ર, પુષ્પ, ફળ કે જળ ચડાવવા એ કંઇ સાચુ પૂજન નથી. આ બધાં તો સાચા પૂજનમાં શું શું હોવું જોઇએ તે સમજાવનારા પ્રતીકો છે.

પત્ર એટલે પાંદડું. ભગવાન ભોગના નહીં ભાવના ભૂખ્યા છે. ભગવાન શીવજી બીલીપત્રથી પ્રસન્ન થાય છે, ગણપતિ દૂર્વાને સ્નેહથી સ્વીકારે છે તેમ જ તુલસી એ નારાયણ પ્રિયા છે. અલ્પ કિંમતથી વસ્તુઓ પણ હૃદયપૂર્વક ભગવદ્ ચરણે ધરવામાં આવે તે અમૂલ્ય બની જાય છે. પૂજા હૃદયપૂર્વક થવી જોઇએ, એવું સૂચવવા તો હૃદયાકારના નાગરવેલના પાનનો પૂજા સામગ્રીમાં સમાવેશ નહીં કરવામાં આવ્યો હોય!

પત્ર એટલે વેદ જ્ઞાન એવો અર્થ તો ગીતાકારે પોતે જ 'छंदांसि यस्य पर्णानि' એમ કહીને આપ્યો છે. ભગવાનને જે કંઇ અપાય તે જ્ઞાનપૂર્વક, સમજણપૂર્વક કે વેદશાસ્ત્રની આજ્ઞા મુજબ અપાય એવું અહીં અપેક્ષિત છે. ટૂંકમાં પૂજન પાછળનો મંત્ર ધ્યાનમાં રાખીને પૂજન કરવું જોઇએ. મંત્ર શૂન્ય પૂજા કેવળ એક બાથ યાંત્રિક ક્રિયા બની રહે, જેમાંની નીરસતા કંટાળો નિર્માણ કરી માનવને થકવી નાખે એટલું જ નહીં આગળ જતાં એ પૂતકાંડ માટે માણસના મનમાં એક પ્રકારની સૂગ કે અરુચિ નિર્માણ થાય.

સ્વાધ્યાયીઓને ખબર છે કે 'गीतामृतम्' નામના ગ્રંથમાં પત્ર શબ્દનો ખૂબ જ મધુર અર્થ કર્યો છે. સામાન્ય સર્વગ્રાહ્ય અર્થ ઉપરાંત એક વિશેષ પ્રેરક અને મનોહારી અર્થ એમાંથી તારવ્યો છે. માનવે ભગવાનને રોજ પૂજા કરતી વખતે એક માનસિક પત્ર લખવો જોઇએ. એ પત્રમાં ભગવાનને જણાવવું જોઇએ કે 'પ્રભુ હું સુખી છું' મારી ચિંતા કરશો નહીં. તમારી પ્રકૃતિ જાળવજો. માનવ જીવનમાંથી દુઃખ, દૈન્ય, અને દારિદ્રય કાઢવાનો હું પ્રયત્ન કરું છું અને તે માટે ગીતા હાથમાં લઇ ગામે ગામ ફરું છું.' આવો પત્ર ભગવાનને લખવાની છાતીમાં હિંમત હોવી જોઇએ. અને તે માટે પત્ર એટલે કે પાંદડા જેવું evergreen જીવન હોવું જોઇએ. દુઃખરૂપ જગતમાં રહીને 'હું સુખી છું' એમ લખવું એ જીવન તરફનો દૃષ્ટિકોણ બદલાવ્યા વગર શક્ય નથી.

તે જ રીતે પુષ્પ પણ એક પ્રતીક છે. ભગવાનનું ખિલવેલું પુષ્પ ભગવાનના ચરણે ધરવું એમાં શી વિશેષતા? પુષ્પ ચડાવવાની એ ક્રિયા આપણને યાદ અપાવે છે કે આપણે વાણી પુષ્પ, કર્મ પુષ્પ અને જીવનપુષ્પથી ઇશપૂજન કરવાનું છે.

પુષ્પમાં સુગંધ છે, રંગ છે, મકરંદ છે અને માર્દવ છે. પુષ્પ જેવા બનવા માટે આપણું જીવન પણ સત્કર્મોની સૌરભથી મહેકવું જોઇએ. ભક્તિના રંગથી રંગાવું જોઇએ, જ્ઞાનના મકરંદથી સભર બનવું જોઇએ તેમજ પ્રેમના માર્દવથી મુલાયમ બનવું જોઇએ. આપણા હૃદયને કમળની ઉપમા આપવામાં આવી છે. એ રીતે જોતાં પુષ્પના અર્પણમાં હૃદય સમર્પણનું સૂચન રહેલું છે. ગુલાબનું ફૂલ કાંટા વચ્ચે રહીને પણ હસવાનું શીખવે છે, કમળ અનાશક્તિની પ્રેરણા આપે છે જયારે મોગરો આપણને વિશુદ્ધ ચારિત્ર્યનો મહિમા સમજાવે છે.

ફળ એટલે કર્મફળ, જેની શક્તિથી કર્મો થાય છે તે જ ખરો કર્મ ફળનો અધિકારી છે. 'इदं फलं मया देव स्थापितं पुरतस्तवा' એમ કહીને જયારે પ્રભુ સામે મોસમના વિવિધ ફળો ધરીએ ત્યારે કર્મફળ ધરવાની વાત ભૂલાઇ ન જવી જોઇએ. કયા કર્મનું ફળ ભગવાન ખાય? 'भूतभावोन्दवकर : विसर्ग कर्मसंज्ञितः।' ભૂતોનો ભાવ અને ઉદ્ભવ કરવાને માટે તમે જે કંઇ કર્યું હોય તે જ ખરૂં કર્મ કહેવાય અને તેનું જ ફળ ભગવાન સ્વીકારે. કર્મફળ સ્વીકારવાનો આપણને અધિકાર નથી. કર્મફળ ત્યાજય સમજીને ફેંકી દેવું યોગ્ય નથી. ગીતાએ સમર્પણનો સુંદર માર્ગ દેખાડ્યો છે. ભગવાનના ચરણે સમર્પિત થયેલું ફળ પ્રસાદ બને છે અને એ પ્રસાદ આપણા જીવનમાં પ્રસન્નતા નિર્માણ કરે છે. ભગવાનને નૈવેધ ધરવું કે ભગવાન પાસે અન્નકૂટ ભરવો એ બધાની પાછળ આ જ ભાવ રહેલો છે. ભગવાન તારી શક્તિથી મને આ બધુ મળ્યું છે તેથી તારા ચરણે ધરીને પછી જ પ્રસાદરૂપે હું એનો સ્વીકાર કરૂં છું. એવી કૃતજ્ઞ બુદ્ધિ આની પાછળ રહેલી છે.

તોયં એટલે પાણી-જીવન રસ જીવન રસમય બનાવીને ભગવાનના ચરણે ધરવું જોઇએ. જ્યાં સુધી જીવન જીવવા જેવું લાગે ત્યાં સુધી જ તેને પ્રભુકાર્યમાં સમર્પિત કરવું એ સાચી પૂજા છે. શેરડીનો રસ કાઢનારા શેરડીને એક વખત સંચામાં મૂકે, બીજી વખત મૂકે, ત્રીજી વખત મૂકે અને કૂચો થઇ ગયા પછી આપણને કહે, આ હવે ચૂસો તો તે કંઇ આપણો સત્કાર થયો કહેવાય? આવી રીતે કૂચો થઇ ગયા પછી જીવન ભગવાનના હાથમાં આપીએ કે ભગવાન હવે આ જીવન તમારા માટે છે, તો તેમાં શું રસ હોય? તેથી રસમય જીવન છે ત્યાં સુધીમાં સમર્પણ કરવું જોઇએ.

ટૂંકમાં પ્રભુને પ્રેમપત્ર લખવો. જીવનપુષ્પ તેના ચરણે ધરવું કર્મફળ તેને સમર્પિત કરવું અને નીરસ નહીં પરંતુ સરસ જીવનકાળ દરમ્યાન પ્રભુ કામે લાગવું એ જ પ્રભુનું સાચું પૂજન કહેવાય.

*- પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી સંકલિત*

# સમયનો પડકાર

ટી.ઓ. બુધભટ્ટી, એમ.એ, એમ.એડ. નિવૃત્ત આચાર્ય

- **પ્રાસ્તાવિક :**

વ્યક્તિની મહેચ્છા પ્રગતિની હોય છે. પ્રગતિનું સોપાન સમાજ છે. સમાજની, જ્ઞાતિની ઉન્નતિમાં સૌનો સહકાર જરૂરી છે. સામાજિક રીવાજોના નિર્ણયો વ્યક્તિગત નહિ, સામુહિક લેવા જોઇએ. સામુહિક નિર્ણયો આજના સમયની આવશ્યકતા છે. સામાજિક નિર્ણયો સંપ અને સહકારથી થાય. પરિણામે પ્રગતિ ઉત્તમ થાય છે અને ઉન્નતિ થાય છે.

વ્યક્તિ પોતાની બુદ્ધિથી સારી આવક મેળવે છે. પ્રયત્નોથી આવક મેળવે છે. સોના, ચાંદીના ભાવ વધ્યા તેથી પણ આવક વધી છે. જ્ઞાતિ કલા, કારીગરી અને સાહસ દ્વારા વધારે આવક મેળવે છે.

આવકના ઉપયોગ સંબંધી આજે પડકાર ઉભો થયો છે. લોકો-જ્ઞાતિજનો સમુહનું વિચારતા નથી. સામાજિક રિવાજોમાં વધારે ખર્ચ કરે છે. દેખાદેખીને કારણે પણ વધારે ખર્ચ કરે છે. આમ હાલે રિવાજો બહુ ખર્ચાળ થયા છે. પરિણામે સમયનો પડકાર ઉભો થયો છે. આથી સૌએ સમાજના સંદર્ભમાં વિચારવાની જરૂરિયાત ઊભી થઇ છે. સામાજીક રીતે વિચારીને નિર્ણયો લઇ તેનો અમલ કરવો જોઇએ, સમાજના રિવાજો સંબંધી સૂચનો કર્યા છે. આ માટે જ્ઞાતિજનોએ સામુહિક વિચારીને નિર્ણયો લેવા જોઇએ. અને તેના અમલથી થતા ફાયદા પણ જણાવ્યા છે. જ્ઞાતિના સૌની ચર્ચા આવશ્યક છે તો જ ઉન્નતિ થાય.

- **સૂચનો :**

૧. *દૂધપીણું :-* આ રીવાજ બિનજરૂરી છે. ભુજની જ્ઞાતિએ પણ તે માટે નિર્ણય લીધો છે. સૌએ તેનો અમલ કરવો જોઇએ.

૨. *સગાઈ :-* આ રીવાજ આજે બહુજ ખર્ચાળ બન્યો છે. સગાઇ કરવા બસ ભરીને જાય છે. જમણવાર પણ બહુ મોટો થાય છે. આમાં ઘણા બિનજરૂરી ખર્ચા થાય છે. આવો ખર્ચાળ રીવાજ બદલાવવાની અત્યંત આવશ્યક્તા છે. ભુજની જ્ઞાતિએ નિર્ણય લીધો છે. તેનો અમલ બધી જગાએ થાય એ જરૂરી છે. આ માટે જ્ઞાતિના સૌનો નિર્ણય જરૂરી છે.

૩. *દાગીના :-* દાગીના ચડાવવા માટે અલગ કાર્યક્રમ ન રાખવો જોઇએ. લગ્ન સમયે ચડાવવા જોઇએ. અગાઉ પશ્ચિમ કચ્છ જ્ઞાતિએ દાગીનાની સંખ્યા અને વજન નક્કી કર્યા હતા. હાલે જ્ઞાતિના સૌએ નિર્ણય લઇ તેનો અમલ કરવો જોઇએ.

૪. *લગ્ન :-* વ્યક્તિગત લગ્ન સામે પડકાર છે. કચ્છમાં ભુજ, અંજાર, નખત્રાણામાં સમૂહ લગ્ન દર વરસે યોજાય છે તે આવકાર્ય છે. કેટલીક જગાએ પણ સમૂહ લગ્ન થાય છે. એ પણ સારું છે. અલગ લગ્નનો બહિષ્કાર થવો જોઇએ. દાંડિયા રાસ પણ સમૂહમાં થવા જોઇએ. સમૂહ લગ્ન પછી રીસેપ્શન બિનજરૂરી છે. મારા મતે લગ્ન માટે મોટા અને ખોટા ખર્ચાઓ ન થવા જોઇએ.

૫. *લગ્ન બાદ આણું :-* આ માટે બસ ભરીને ન જવું જોઇએ. મોટો જમણવાર ન ગોઠવવો જોઇએ. માત્ર ઘરના જ જાય એ જરૂરી છે.

૬. *શ્રીમંત :-* આ રીવાજ ધાર્મિક વિધિનો છે. ઘરના માટે છે. તેમાં મોટા જમણવાર બિનજરૂરી છે. આ માટે જ્ઞાતિના સૌએ સહકાર આપવો આવશ્યક છે.

૭. *બર્થડે પાર્ટી :-* આ આનંદનો પ્રસંગ છે પણ તે માટે વધારે ખર્ચ ન કરવો જોઇએ.

૮. *વાસ્તુ :-* આ ધાર્મિક ક્રિયા-વિધિ છે. પણ તે માટે મોટા જમણવારની આવશ્યક્તા નથી. સમજી વિચારીને ખર્ચ થાય એ આવશ્યક છે.

- **ફાયદા :**

૧. રીવાજો માટે જ્ઞાતિના નિર્ણયો થાય. તેથી પૈસાદાર અને સામાન્ય સ્થિતિના વચ્ચે સમાનતા આવે છે. ખોટા બિનજરૂરી ખર્ચા ન થાય તેથી સંપ વધે છે.

૨. દેખાદેખીથી ખર્ચાઓ ન થાય એ જરૂરી છે.

૩. સામાજીક નિર્ણયોથી રાગ, દ્વેષ અને મોહની પકડ ઢીલી થાય છે.

૪. જ્ઞાતિના ચર્ચા દ્વારા લેવાયેલા નિર્ણયોથી નિરાશાના વાતાવરણમાંથી બચાય છે.

૫. જ્ઞાતિના રીવાજોમાં સમાનતા આવતાં મનદુઃખ ઓછા થાય છે. આપસમાં વિશ્વાસ વધે છે.

૬. સામાજીક નિર્ણયોનો અમલ કમને નહિ, મનપૂર્વક અને ગંભીરતા પૂર્વક કરવાથી જ ફાયદો થાય છે.

૭. સામાજીક નિર્ણયો અને તેના અમલથી ખોટા ખર્ચાઓ થતા નથી. એકતા વધે છે. સંપ, સહકારની ભાવના વધે છે.

૮. સામાજીક નિર્ણયોથી મનને શાંત, સ્થિર કરી શકાય છે, ગુસ્સો પણ કાબુમાં આવે છે.

૯. રીવાજો માટેના મોટા અને ખોટા ખર્ચાઓ થતા નથી.

૧૦. આર્થિક બચતો સામાજીક વિકાસમાં દાન આપવા ઉપયોગી થાય છે.

- **ઉપસંહાર :**

જ્ઞાતિ-સમાજના વિકાસમાં વ્યક્તિનો પણ વિકાસ થાય છે. આ માટે વિચારવા શ્રદ્ધા અને વિશ્વાસ અત્યંત આવશ્યક છે. આપણે જાણીએ છીએ કે, ગઇ સંપત્તિ પાછી આવતી નથી. તેથી રીવાજો માટે આજના સમયનો પડકાર છે.

તેથી મારી સૌને વિનંતી છે કે સમયને સમજીએ. જ્ઞાતિની મિટીંગોમાં હાજરી આપીએ અને સ્વસ્થ મને વિચારીને નિર્ણયો લઇએ એ જરૂરી છે. નિર્ણયો લેવામાં ચર્ચા ન કરીએ પછી વિરોધ કરીએ, એ ખોટું છે. જ્ઞાતિના રીવાજોમાં તરાય, ડુબાય નહિ.

જ્ઞાતિના રીવાજો સંબંધી નિર્ણયનો મનપૂર્વક અમલ કરવો જોઇએ. તેમજ જ્ઞાતિના વિકાસમાં તન, મન, ધનથી સહકાર આવશ્યક છે.

*બી-૨૦૫, શ્રીનંદનગર વિભાગ-૨,*
*વેજલપુર, અમદાવાદ-૫૧.*

## આહાર, વસ્ત્ર, આવાસ

વી. ઓ. બુધ્ધભટ્ટી - ભુજ

માનવ જીવનની આવશ્યક ૯ બાબતો શાસ્ત્રો મુજબ છે. બે અગાઉ વિચારી. હવે બીજી બાબતો આહાર, વસ્ત્ર, આવાસ એ ત્રણ બાબત જીવનને સીધીજ અસર કરે છે, તે વિચારીએ.

આધુનિક વિજ્ઞાનમાં આહારની ત્રણ બાબતો છે : હવા, પાણી અને ખોરાક. જ્યારે શાસ્ત્રો મુજબ તેમાં આરામનો સમાવેશ છે. શાસ્ત્રો મુજબ ૪ બાબત છે. આહાર શરીરને ઊર્જા અને શક્તિ આપે છે, આરામ નવચેતન આપે છે. આ ચારે બાબતો શરીરને પોષક છે.

**૧. આહાર**

૧.૧ હવા સ્વચ્છ અને પૂરતા ઓક્સિજન યુક્ત હોય તો જીવન ચેતનવંતુ ને સ્વસ્થ રહે. રહેઠાણને કાર્યસ્થળમાં પૂરતા હવા ઉજાસ હોવા જરૂરી છે.

૧.૨ પાણી સ્વચ્છ અને પીવા લાયક જરૂરી છે. બધા મોંઘા ઉપકરણ ખરીદી શકે નહિ એટલે સ્વચ્છતાની અન્ય રીતો અપનાવાય ને ઉકાળી ઉપયોગમાં લેવાય.

૧.૩ ખોરાકમાં સરળતાથી મળી શકે તેવી વસ્તુઓ અનાજ, કઠોળ, શાકભાજી, ફળ વિગેરે ઉપયોગમાં લેવાય. ઉંમરને કાર્ય શક્તિ મુજબ કેલરી, વિટામીન, મીનરલ, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ વગેરે તત્વો જરૂરિયાત મુજબ મળી રહે તેવો ખોરાક પસંદ કરીએ. કાચી, બગડેલ, વાસી વિગેરે વસ્તુઓ ખાઇએ નહિ. ખોરાક તાજો બનાવીએ. કેટલીક વસ્તુઓ સંપૂર્ણ કે ચોક્કસ તબક્કા સુધીની તૈયાર કરેલ અમુક સમયમાં ઉપયોગમાં લેવાય જેમકે ખાખરા, બીસ્કીટ, મમરા, ચણા, પાપડ, અથાણા, શરબત, ડ્રાય ચટણી વગેરે.

અતિ મસાલાવાળા તીખા, અતિ તૈલી, અતિ નમકવાળી, જંકફૂડ, ફાસ્ટ ફૂડ જેવી વાનગી ખાવી નહિ. ખોરાકના તત્વો જળવાય તે માટે ભારતીય રસોઇ પદ્ધતિ ઉત્તમ છે. હવે વિવિધ ખાદ્ય સામગ્રી બનાવવા પુસ્તકો મળે છે. ખરીદતી વખતે વૈજ્ઞાનિક પદ્ધતિ મુજબ છે કે કેમ? તે તપાસી ખરીદીએ.

૧.૪ આરામથી બેસી શકીએ. ખોટી તકલીફ વિના કાર્ય કરી શકીએ. ઉંઘ જરૂરી અને આરામથી લઇ શકીએ. આ માટે શક્તિ મુજબ કેટલીક વખત સંજોગ મુજબ સગવડ કરીએ. દૈનિક કાર્યમાં સમય જાળવીએ એટલે આરામનો જરૂરી સમય મળી શકે.

**૨. વસ્ત્ર :-**

હવે પૂરતી વિવિધતા સાથે નવી નવી ફેશનના ટકાઉ વસ્ત્ર મળે છે. ઋતુ અને શરીરની અનુકૂળતા મુજબના વાપરીએ.

**૩. આવાસ :-**

કુદરતી કે માનવ સર્જીત આફત વખતે રક્ષણ મળે. હવા ઉજાસ પૂરતા મળે. એરોડ્રોમ, રેલ્વે સ્ટેશન, સતત ટ્રાફીકથી ધમધમતા રોડ વિગેરેથી જરૂરી અંતર રાખીએ. પ્રાંગણમાં, નજીક કે લતામાં થોડા વૃક્ષ ઉછેરીએ. ■

## ગમતાં ને ગુલાલ....

આર. ડી. મહીચા - અમદાવાદ

જયભારત, જયહિંદ અને હર્ષોલ્લાસ સહિત, ઉમંગ ઉત્સાહના પંખો સાથે હૃદય કમળમાં ઉપજેલા સદ્‌વિચાર અહીં ટાંકતા ઘણી જ ખુશી અનુભવી રહ્યો છું. કારણ?

કારણ એ છે કે 'જ્ઞાતિ સેતુ' એ ખરેખર શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિને એક મેક કરવા માટેનો શ્રેષ્ઠ જ્ઞાતિસેતુ અંક છે. જે એમ સમજીએ કે દિન પ્રતિદિન તેની શ્રેષ્ઠ સફળતાના સોપાન સર કરી રહ્યો છે જેમાં બેમત નથી. તેના વખાણ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પણ કરેલ છે. જે 'સેતુ'ના સ્વર્ણિમ સમાજ વિશેષાંકના પ્રથમ પૃષ્ઠ પર અંકિત છે. જે આપણા માટે ગૌરવપૂર્ણ બાબત છે.

ઈંગ્લેન્ડનો મહાન સક્સેસફુલ વ્યક્તિ જે તત્ત્વચિંતક હતો જેનું નામ છે ડેલ કારનેગી. તેનું કહેવું છે કે, તમને જે વ્યક્તિ જોવી ગમે છે, સાંભળવી ગમે છે. ખૂબસુરતી ગમે છે જે લીટરેચર ગમે છે, સંગીતકારનું તેણે કરેલી રીયાઝના ફલ સ્વરૂપ જે સંગીત રેલાવે છે કે પછી જેની કંપની (સાથ) નિભાવવો તમને ગમે છે, જેના સાનિધ્યમાં રહેવાનું ગમે છે, તેના તેની સામે જ ખરા મનથી (મનમાં કોઇપણ જાતની અપવિત્રતા ન હોય એમ) ખૂબ જ વખાણ કરો અને એ પણ સાચા દિલથી. આથી જે તે વ્યક્તિનો દૃષ્ટિકોણ તમારી તરફ શ્રેષ્ઠ બનશે. અને તમને પણ અતિન્દ્રિય સુખનો અનુભવ થશે.

ઉપરનો ફકરો આપણાં સમાજમાં બહુ જ જરૂરી છે. જો આપણે તે પ્રમાણે કરીએ તો. આમાં હું રાયબહાદુર નથી બનવા માંગતો પણ મારૂં વિચારવું એ છે કે "ચેરીટી બિગીન્સ એટ હોમ" આ સદ્‌વિચારનો ખુશબુદાર ગુલદસ્તો સાચા ભાવ અને ઉત્તમ ભાવના સાથે આપણાં આત્મા-ભાઇઓને અર્પણ કરું છું. યાદ રહે, આ સૃષ્ટી રંગમંચ પર આપણે સ્ત્રી-પુરૂષના રૂપમાં બેહદના નાટ્યકાર છીએ. પણ મૂળ તો આપણે આત્મા જ છીએ. માનવ, વસુંધરા પર પ્રભુની અણમોલ કૃતિ છે. આપણે આ સંસારરૂપી બગીચાના સુરભિત પુષ્પો છીએ. જે પોતાના સૌંદર્ય, અદ્‌ભુત સુવાસ ખીલેલી મુસ્કાનના મધુર સ્પંદનથી જીવન બગીચાને સુંદર-સુખદ આશાનો સંચાર કરે છે. ■

# ધન્ય બની ધનતેરસ

**પી. જી. સોની - ભુજ**

મારૂ કંસારા સોની જ્ઞાતિનાં નારી રત્ન એવા બ્રહ્મલીન પ.પૂ. ગોમતીબા (સાધના આશ્રમ - બિદડા)નાં જીવન કવન વિશે આપણે ભવાનજી નાથાભાઈ જૈન થકી સવિશેષ ઓળખી શક્યા છીએ. ભવાનજીભાઈની પૂ. ગોમતીબા પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને ભક્તિભાવની પ્રસંશા કરતા અહીં કાલીકા માતાજીના મંદિરે પૂ. ગોમતીબાની જન્મ જયંતિ નિમિત્તે ધનતેરસનાં સપરમા દિવસે યોજાયેલા કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાનેથી પ્રભુદાસભાઈ સોનીએ જણાવ્યું હતું.

પોમલ પરિવાર - ભુજ આયોજીત આ પ્રસંગે ભવાનજીભાઈ, લક્ષ્મીબેન ભવાનજી તથા જ્ઞાતિસેતુના તંત્રી હંસરાજભાઈ કંસારાનું શાલ તથા ચાંદીની મુદ્રાથી સન્માન કરવામાં આવ્યું હતું. આ ટાંકણે બિદડાનાં ઉમરશીભાઈ, મૂલચંદભાઈ, દામજીભાઈ, નરેન્દ્ર અદેપાલ તથા હીનાબેન ગંગરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનના પ્રત્યુત્તરમાં ભવાનજીભાઈએ ભાવવિભોર સ્વરે પૂ. ગોમતીબાનાં સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે, નાનપણથી જ કૃષ્ણ ભક્તિમાં લીન એવા પૂ. ગોમતીબાને બિદડા પંથકમાં સ્વયંભુ મીરાંનું બિરૂદ મળેલ હતું. અભણ ગોમતીબાએ સ્વયં સ્ફુરણાથી સેંકડો ભજનો લખ્યા છે, ગાયા છે. એમના વૈકુંઠવાસનાં બે દાયકા બાદ પણ સાધના આશ્રમ ખાતે નિયમિત સત્સંગ ચાલે છે. તેમણે અહીં પૂ.



*શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ સોની બિદડાના સાધનાશ્રમ સંચાલક શ્રી ભવાનજીભાઈનું સન્માન કરે છે.*



*અ.સૌ. લક્ષ્મીબેન ભવાનજીભાઈનું પોમલ પરિવારના યુવા નેતા શ્રી રાજેન્દ્રભાઈ પોમલ સન્માન કરે છે.*



*'જ્ઞાતિસેતુ'ના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારાનું શ્રી મિતેશભાઈ પોમલ સન્માન કરે છે.*



*કાલીકા માતાજીના મંદિરમાં પૂ. ગોમતીબાની તસવીર પર એમની ૧૦૧મી જન્મ જયંતિ નિમિત્તે એકત્રિત, સમાજના સભ્યો.*

ગોમતીબા પોમલની સ્મૃતિમાં એક લાખનાં દાનની જાહેરાત કરી હતી. જેનો સ્વીકાર કરીને દાતા પ્રભુદાસભાઈએ મહામંડળ દ્વારા પૂ. ગોમતીબાનાં નામથી એક ટ્રસ્ટ રચવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે મહિલા મંડળનાં પ્રમુખ લતાબેન સોલંકીએ પૂ. ગોમતીબાની ભક્તિ પરાયણતાને યાદ કરીને જ્ઞાતિ ગૌરવ લેખાવ્યા હતા. હંસરાજભાઈ કંસારાએ આજે ધનતેરસ ધન્ય બની છે, એવું જણાવી પોમલ પરિવારને આયોજન કરવા બદલ ધન્યવાદ આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. ગોમતીબાની સ્મૃતિમાં ધનતેરસનાં દિવસે હોટલ લેક વ્યુ પાસે પ્રતીક વૃક્ષારોપણ કાર્યક્રમ નગરપતિ દેવરાજભાઈ ગઢવી, પ્રભુદાસભાઈ સોની, હંસરાજભાઈ કંસારા વિ.નાં હસ્તે યોજાયો હતો.

પૂ. ગોમતીબાની જન્મ જયંતિ પ્રસંગે જ્ઞાતિપ્રમુખ કિશોરભાઈ ચનાણી, કચ્છમિત્રના મેનેજર શૈલેષભાઈ કંસારા, અમૃતલાલ સોલંકી, સુનીલભાઈ કંસારા, રોહિણીબેન બુદ્ધભટ્ટી, શાંતિલાલ પોમલ, કાંતિલાલ બારમેડા, કીર્તિભાઈ, હર્ષાબેન છત્રાળા, બિંદુબેન, અરૂણાબેન, નવીનભાઈ, વસંતભાઈ, ભાઈલાલભાઈ પોમલ વિ. ઉપસ્થિત રહ્યા હતા.

આયોજન પ્રીતેશ, રાજેશ, પુનીત, મિતેશ, વિપુલ (બધા જ પોમલ) વિ.એ સંભાળ્યું હતું. આભાર દર્શન પ્રમુખ રાજેન્દ્રભાઈ પોમલે તથા સંચાલન પી.જી. સોની 'દાસે' કર્યું હતું. ■

916

# સોની દીપકકુમાર ગોવિંદજી

**સોનાના દાગીના બનાવનાર તથા વેચનાર**

મેઈન રોડ, નલીયા.

ફોન : ૦૨૮૩૧-૨૨૨૨૭૩ ● મો. ૯૪૨૭૨ ૬૫૮૭૩

## નૂતન જ્વેલર્સ

# સોની હસમુખકુમાર ગોવિંદજી

**ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

ફોન : ૦૨૮૩૧-૨૨૨૨૭૩ ● મો. ૯૪૨૭૨ ૬૫૮૭૩

Gold Jewellery in accordance with Bureau of Indian Standard

916 Fineness Hallmark Jewellery

# નિપમ જ્વેલર્સ

## બુદ્ધભટ્ટી ચમનલાલ ઓધવજી

**સોના ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

"માતૃકૃપા"

વાછડા દાદાના મંદિર પાસે,

વિરાણી મોટી, નખત્રાણા (કચ્છ)

ફોન : ૦૨૮૩૫-૨૨૩૨૯૫ ● મો. ૯૯૨૫૧ ૬૯૧૯૫

વ્યક્તિ વિશેષ

# પરસેવાની મહેનતનું પરિણામ!

**કનૈયાલાલ જોશી - મુંબઈ**

અંધેરી નજીક સાત બંગલા સર્કલ પાસે વટેશ્વર મહાદેવ મંદિરની નજીકમાં રદ્દી-પસ્તીની નાની દુકાન છે. 'સોની પેપર માર્ટ' એવું બોર્ડ ટીંગાય છે. આ લાઇનમાં મીઠી જબાનનું બહુ મહત્ત્વ. ઘરનું રાચરચીલું, છાપાં-ચોપડીની પસ્તી કે ઘરમાં નડતી હોય એવી કોઇ પણ વસ્તુ વેચવી હોય તો રદ્દીવાળા જ કામ લાગે. રદ્દીવાળો એટલે ખૂબ વિશ્વાસુ માણસ. ક્યારેક વસ્તુના ભાવતાલ થાય પણ સંબંધને સેતુ બંધાય ત્યાં દુકાનદાર અમૃતલાલ સોની વચન બોલે એ જ કિંમત.

આ અમૃતલાલ સોની મિત્રો અને ઘરાકોમાં 'અમુ સોની'ના ટુંકા નામે જાણીતો આજે તો જિંદગીની અર્ધી સદી વીતાવી ચૂક્યો છે. જન્મ કચ્છમાં પણ સમજણો થયો ત્યારથી મુંબઇમાં છે. જીવનમાં કઠણાઇ કોને કહેવાય અને કેમ સહન કરીને દિવસો કાઢવા એ શીખવું હોય તો અમુ સોનીને મળવું પડે. ગુણનો એ પૂજારી છે. બાળપણના મિત્રોને પ્રેમ કરવાવાળો અને ક્યારે કોઇએ નાનીશી મદદ કરી હોય તો તેનો બોજો માથે લઇને ફરતો હોય એટલો ભલો. આજે તો બે પાંદડે થયો છે. કોઇને કંઇ આપવા જેવડી લાયકાત મેળવી છે. જયારે એની પાસે કંઇ નો'તું ત્યારે પણ કોઇની પાસે હાથ લાંબો કર્યો નો'તો. સાદગી એનો મંત્ર. કપડામાં સાદાઇ. ખાવાપીવામાં કોઇ આગ્રહ નહિ. ડહાપણનો ભંડાર અને હા, એ બોલકો બહુ છે. મિત્રો પાસે દિલ ખોલીને વાત કરે. એક દિ એણે માંડીને વાત કરી. ત્યારે ખબર પડી કે એનું ગામ ભલેને બિદડા હોય પણ એની ભીતર બીજા કેટલાય ગામોની સ્મૃતિઓ ઢબૂરાયેલી છે. એણે કહ્યું : મારા પિતા મગનલાલ કંસારા જેમને ગામમાં 'મગન કંસારો' તરીકે ઓળખતા. તાંબા-પિત્તળના વાસણની મરામત કરવી, કલાઇ કરવી જેવું કામ કરતા. 'બિદડા ઉપરાંત આસપાસના તુંબડી, બેરાજા, નાના-મોટા આસંબિયા વગેરે ગામોનું કામ અમને મળતું. મારા બાપા સાથે હું જતો અને એ ગામમાં બે-ત્રણ મહિના ધામા નાખતા. ખીસ્સામાં થોડા રૂપિયા જમા થાય અને કામ પૂરું થાય પછી



*શ્રી અમૃતલાલ સોની (બિદડા)*

પાછા બિદડા આવી રહેતા. બિદડામાં મારી મા ચાંદબહેને થોડું કામ ભેગું કરી રાખ્યું હોય એ કરીએ. સાથે કરજ થયું હોય એ ચૂકવીએ. આ મારી ગામડાની જિંદગી.

મારા બાપા મગનભાઇ સાવ ગભરું માણસ. કોઇનું દિલ ન દુભાવે. કોઇનો એક પૈસો ન રાખે. બાપ-દીકરો કોઇ ગામમાં જઇએ ત્યારે જૈન પરિવારની ડોશીમાઓ રૂમની ચાવી લઇને સામે ચાલીને આવે અને આગ્રહ કરે. 'મગનભાઈ' આ વખતે અમારી રૂમમાં રહેજો. આવો હેત આજે ક્યાં જોવા મળે છે? આ બધા ગામોની ગલી-ગલીમાં ફરતો. મારી વય છ-સાતની હતી. એ ઉંમરના ટાબરીયા મારા દોસ્તાર બની જતા. એ ગામ છોડીને ગાડાં પર બેસું ત્યારે દરેક વખતે વતન છોડી જવાની પીડા ભોગવતો. આજે બિદડા તો સાંભરે જ છે. બીજા લોકોને એક ગામ વતનનું હોય. મારા માટે તો કેટલાય ગામો વતન જેવા યાદ આવે!

પિતા મગનલાલ કંસારા કેવા સાચા દિલના અને પ્રામાણિક હતા તેનો એક દાખલો.

બિદડામાં પોપટલાલની દુકાન હતી એનો સ્ટવ બગડી ગયો હતો. એણે મગનભાઇને કહ્યું. આ જોઇને મગનભાઇના મિત્ર તલકશીએ સલાહ આપી, 'ધ્યાન રાખજે, પોપટ પટેલ કંજૂસ છે, પૈસા ઓછા આપશે એટલે વધારીને કહીશ તો જ તને પૂરા મળશે. પિત્તળના સ્ટવમાં વાલ્વ ખરાબ થઇ ગયો હતો તે બદલ્યો, સ્ટવની પિત્તળની કોઠીમાં લીકેજ હતું તે રિપેર કર્યું. એ જમાનામાં મજૂરી માંડ પાંચ રૂપિયા થતી પણ મગનભાઇને તલકશીના શબ્દો યાદ આવ્યા અને બીક લાગી. પૂરા પૈસા નહિ આપે તો? એટલે રકમ બમણી કહી. એટલે કે દસ રૂપિયા કહ્યા. પોપટલાલે વીસ રૂપિયાની નોટ મગનલાલના હાથમાં મૂકતાં કહ્યું, તું કુટુંબકબીલાવાળો. તને કામ આવશે. મગનભાઇને પસ્તાવો થયો. એમણે મિત્ર તલકશીને ઠપકો આપ્યો. 'મારો ધરમ ભ્રષ્ટ થઇ ગયો.' એટલું જ બોલ્યા અને આંખમાંથી અશ્રુ સરી પડ્યા.

અમુએ વાત આગળ વધારી. મારા બાપા ૮-૧૦ કિલોમીટર ચાલી નાખતા. બીજે ગામ જાય ત્યારે ખભા પર થેલો ઉપાડે જેમાં ઓજાર અને કોલસા હોય. હાથથી પંખો ફેરવે ઘર...ર...ઘ...ર...ર... અવાજ થાય. એ સાથે જોડેની ભઠ્ઠીમાં કોલસા ચેતે. ઝગારા મારે એટલે વાસણ રીપેરનું કામ શરૂ થાય. બાપુજી સાથે પાંચેક વરસ હેલ્પર તરીકે ગયો. એ રીતે બધા ભાઇ-બહેનનો વારો આવતો.

એકવાર એમ.પી.થી અમારા સંબંધી અમારે ઘેર બિદડા આવીને રોકાયા હતા. એ લોકો પાછા ફરતાં સાથે મને લઇ ગયા. ત્યારે માંડ ૧૧ વર્ષનો હતો. રમત રમવાની ઉંમર આ રીતે વીતી. એમ.પી.ના રાજનાન ગામમાં એ લોકોનો પાપડ, વડી, અથાણાનો ગૃહઉદ્યોગ હતો. ૨૦-૨૫ છત્તીસગઢી માણસો કામે રાખ્યા હતા. મારું કામ સવારના પાંચ વાગે પૂજા માટે ફૂલ તોડી લાવવાથી શરૂ થતું. ગાયોને ચારો આપું, પછી મોડી રાત સુધી પાપડ-અથાણાના કામમાં જોતરાયેલો. દોઢ વરસ ત્યાં રહ્યો. છત્તીસગઢી ભાષા બોલતો થઇ ગયો હતો. આ દરમિયાન મારી મોટી બહેનના લગ્ન થયા, જે હું જોઇ ન શક્યો. પાછો વતનમાં આવ્યો ત્યારે ગુજરાતી ભાષા ભૂલી ગયો હતો. બાળમિત્રો બિપીન, રાજુ, કાવુડો, વસંતને ભેટીને મળ્યો. ઘેર પાછો આવ્યો. બધા રાજી થયાં. પાછો બાપા સાથે હેલ્પર તરીકે કામે જોડાઇ ગયો.

મુંબઇ આવવાની ઇચ્છા કેમ જાગી તેની રસપ્રદ વાત અમુએ કહી. મારો મોટો ભાઇ નાનાલાલ મુંબઇમાં હતો. એણે ૧૦૦ રૂ. નો મનીઓર્ડર મોકલ્યો હતો.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૭ ઉપર)**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

જય માતાજી સાથે જણાવવાનું કે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા પ્રથમ વખત શરદોત્સવ, મીઠાઈ તથા ફરસાણનું રાહતદરે વિતરણ તેમજ સ્નેહ મિલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેની વિગતો અત્રે પ્રસ્તુત છે.

## શરદોત્સવ

શરદોત્સવ નિમિત્તે શરદ પૂર્ણિમાની રાત્રે ૯ થી ૧ વાગ્યા સુધી દાંડિયા રાસનો ભવ્ય પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ રાઉન્ડ બાળકો માટે, બીજો રાઉન્ડ લેડીઝ માટે, ત્રીજો રાઉન્ડ જેન્ટ્સ માટે અને ચોથો રાઉન્ડ ફ્રી સ્ટાઈલ રાખવામાં આવ્યો હતો. પ્રથમ રાઉન્ડમાં રમનાર તમામ બાળકોને તેમજ બીજા, ત્રીજા, ચોથા રાઉન્ડમાં પહેલો - બીજો - ત્રીજા નંબરે વિજેતા થનારાઓને જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. નિર્ણાયકો તરીકે શ્રી પ્રદીપભાઈ ચનાણી, શ્રી મુળજીભાઈ કટ્ટા તેમજ શ્રીમતી પુષ્પાબેન બુધ્ધભટ્ટીએ સેવાઓ આપી હતી. જ્યારે ચનાણી પાર્ટી પ્લોટમાં રાખવામાં આવેલ અલ્પાહારની સુંદર વ્યવસ્થા યુવક મંડળ તેમજ મહિલા મંડળે સંભાળી હતી. આ સમગ્ર પ્રોગ્રામની જવાબદારી શ્રી સુનીલભાઈ કંસારા તેમજ શ્રી નીતિનભાઈ હેડાઉએ સંભાળી હતી.

## દિપાવલી

દિવાળીના તહેવારો નિમિત્તે રાહત દરે મીઠાઈ - ફરસાણનું વેચાણ કરવામાં આવ્યું હતું. જેમાં કાજુ કતરી, કાજુ રોલ, કાજુ મટકા, હલવો, મોહનથાળ, મેસુક, મોતીચુરના લાડું, સોન પાપડી તેમજ ફરસાણમાં કચવડી, પાપડી, ગાંઠિયા, લક્કડીયા, સેવ, ડ્રાયફ્રુટ ચેવડો બનાવવામાં આવ્યો હતો. જેનો જ્ઞાતિજનો તરફથી સારો આવકાર મળ્યો હતો. અંદાજીત ૨૦૦૦ કિ.ગ્રા.નું વેચાણ થયું હતું. મીઠાઈઓ અને ફરસાણ બનાવવા અને વેચાણ કરવાની તમામ જવાબદારી શ્રી જમનાદાસભાઈ કટ્ટા, શ્રી સુરેશભાઈ સોલંકી તેમજ યુવક મંડળે ખૂબ સારી રીતે નિભાવી હતી.

## નવ-વર્ષ સ્નેહ મિલન

નવા વર્ષે મહાકાલીકા માતાજીના મંદિરના પરિસરમાં સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આપણા સમાજના ૬૦થી ૭૦% જ્ઞાતિજનોએ હાજરી આપી હતી અને શુભેચ્છાઓની આપ-લે કરી હતી. આપણી જ્ઞાતિના અગ્રણી પરિવારોમાં, જ્ઞાતિ શિરોમણી શ્રી જટુભાઈ અને મગનભાઈ વેલજી આણંદજી તેમજ મહામંડળ પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ અને એમનો પરિવાર, જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ, ચંદુભાઈ, પૂર્વ પ્રમુખશ્રી અમૃતલાલભાઈ સોલંકી તેમજ સમાજના અન્ય વડીલો સ્નેહ મિલન દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિના સમસ્ત પરિવારોને એમના સહુના આશિર્વાદ લેવાનો લાભ મળ્યો હતો. તદુપરાંત મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી લતાબેન અને એમની સહકાર્યકર્તા બહેનો અને સમાજના યુવા કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આપણી જ્ઞાતિના પરિવારો આ રીતે નવ વર્ષ નિમિત્તે એક જ સ્થળે હળે મળે, વડીલોને વંદન કરે અને સમૂહમાં આબાલવૃધ્ધ સહુ કોઈ નવ-વર્ષ આનંદની ઉજવણી કરે એ આજના સમયની તાતી આવશ્યક્તા છે.

ભૂકંપ પહેલા ભુજમાં આપણા પરિવારો મોટે ભાગે નાના ફળીયાથી પીપળા ફળીયા અને વચ્ચેના ચોકમાં જ રહેતા હતા. જેથી વ્યક્તિગત રીતે પરિવારો એકબીજાને ઘેર મળી શકતા હતા. પરંતુ હવે ભુજની ભુજાઓ એટલી હદે વિસ્તરી ગઈ છે અને આપણા પરિવારોનો વસવાટ છુટોછવાયો થઈ ગયો છે, ત્યારે આપણી જ્ઞાતિના અગ્રેસરોનું આ સર્વ-સુગમ સ્નેહ મિલનનું આયોજન આવકાર્ય છે.

આ સુંદર પ્રોગ્રામની તમામ જવાબદારી શ્રી રાજેન્દ્રભાઈ બુધ્ધભટ્ટીએ સંભાળી હતી. ■




નવ-વર્ષ સ્નેહ મિલન દરમ્યાનની તસવીરો

# ભુજ જ્ઞાતિજનોની વિશિષ્ટતા

**વી. ઓ. બુધ્ધભટ્ટી - ભુજ**

આપણી જ્ઞાતિની ભુજના લાણેદારોનું સ્મરણિકા અને વસ્તીપત્રક પ્રસિદ્ધ કરાયું છે. એમાં પ્રથમ દૃષ્ટિએ વિશિષ્ટતા જણાઇ તે રજુ કરું છું.

૧. વિદ્યાભ્યાસમાં પુરુષ ૯૪ ટકા, સ્ત્રી ૯૧ ટકા ને કુલ્લ ૯૨.૬૭ ટકા છે. મોટા ભાગે એકેડેમીક છે. પ્રોફેશનલ, ઓક્યુપેશનલમાં નથી. બીઝનેસમાં બી.કોમ., એમ.કોમ. છે મેડીકલ ટેકનીકલમાં નહિવત છે.

૨. નિવૃત્ત ૫ ટકા છે. હજુ ૬૫ થી ૭૦ સુધીના ઘણા વ્યવસાયમાં છે. સ્વસ્થતાથી કાર્ય કરી શકે તો એ સારું છે.

૩. ૬૦ વર્ષ ઉપરના વરિષ્ઠ નાગરિક ૮ ટકા છે.

૪. સંયુક્ત કુટુંબ ૪૪૭ ને ટકાવારી ૩૯.૩૫ છે. વસ્તી ૩૦૬૫ ને ટકા ૫૭.૭૩ છે. સરાસરી ૬.૮૬ છે. સંયુક્ત કુટુંબ માટેના પ્રથમ દૃષ્ટિના કારણો આ છે.

ક. વડિલોની વિવેકબુદ્ધિ

ખ. વડિલોનો કુટુંબના તમામ સભ્યો પ્રત્યે સમભાવ.

ગ. કુટુંબના સભ્યોમાં સહન કરવાની અને જતું કરવાની ભાવના.

ઘ. કુટુંબમાં એકબીજાને મદદરૂપ થવાની ભાવના

ચ. કુટુંબનો પુત્ર લગ્નબાદ કારકીર્દી માટે અભ્યાસ કરતો હોય પરંતુ આપણી જ્ઞાતિમાં વડિલોની છત્રછાયા તળે પુત્રવધુ વિદ્યાભ્યાસ ચાલુ રાખી શકે છે.

૫. વિભક્ત કુટુંબોની સરાસરી ૩.૨૬ ને કુલ્લ સરાસરી ૪.૬૭ છે.

૬. રોજગારીમાં પુરુષો ૨૦૬૦ જેવા છે. સ્ત્રીઓ ૧૪૪ જેવી છે. કુલ્લ ૨૨૦૪ છે ટકાવારી ૪૧.૫ છે.

૭. કુલ્લ વ્યવસાયી સામે સ્ત્રીઓનું પ્રમાણ ૬.૫ ટકા છે.આ સંખ્યા ઓછી જ જણાય છે.

આ ૭ સિવાય હોવા સંભવ છે.

આ અંગે યોગ્ય જણાય તો નીચેની બાબતો વિચારી શકીએ.

૧. ચીલાચાલુને બદલે ઉપયોગી વિદ્યાભ્યાસ કરાય. જે અધવચ્ચે ન છોડતાં ઉપયોગી હોય તેટલો પૂરો કરાય.

૨. વિદ્યાભ્યાસને ભણી નાખ્યું (ભણી નાખી દીધું) તેમ કરવાને બદલે જીવન વિકાસ લક્ષી ઉપયોગો વિચારી અમલ કરીએ વિશેષ ફાયદો મેળવીએ.

૩. સંયુક્ત કુટુંબોની ઉપર સિવાયની અન્ય લાક્ષણીક્તા હોઇ શકે, જે સર્વે કરી તે જાણી શકાય. આવી પ્રથાથી સમાજના કેટલાક પ્રશ્નો ઉકેલી શકે.

૪. આપણા દેશમાં એવી માન્યતા છે કે પશ્ચિમી દેશોની સ્ત્રીઓ છુટથી હરે ફરે છે વ્યવસાય કરે છે. એનું કારણ એ છે કે એ દેશોમાં પ્રથમને બીજા વિશ્વયુદ્ધને કારણે પુરુષોની સંખ્યા ઓછી થતાં સ્ત્રીઓને આગળ પાછળનું વિચાર્યા વિના વ્યવસાયમાં લેવી પડેલ છે. પરંતુ સમાજ એ બાબતે બીજા વિશ્વયુદ્ધના ૬૫ વર્ષ પછી પણ તૈયાર નથી એટલે એ બાબતની સમસ્યાથી ઘેરાયેલ છે. જે સમસ્યા કેમ દૂર કરવી તે વિચારી શકતા નથી. આ બાબત આપણા શાસ્ત્રોમાં પૂરતી સમજ છે આપણે સૌ જ્ઞાતિજનોએ પદ્ધતિ સમજી અપનાવી વિવેક અને મર્યાદા સભર વ્યક્તિ સ્વાતંત્ર્ય અપનાવીએ. જેથી આપણી જ્ઞાતિ તેજસ્વી બનશે.

૫. સ્ત્રીઓ ફુરસદના સમયે સ્વ ઉકલત મુજબ હસ્તકળાના કાર્ય કરે છે. આપણી જ્ઞાતિની બહેનો ચેન ચડાવવાના અને બીજા કેટલાક કામ કરે છે. જે વર્તમાન પત્રમાં આવી ગયેલ છે. પુનઃ ગણત્રી વખતે દરેકે દરેકની પૂરતી વિગત આપીએ તો સારું.

૬. આપણી જ્ઞાતિમાં બેકારીનો પ્રશ્ન કદાચ ન હોય પરંતુ પૂરતું ઉપાર્જન ન હોય તેમની ખાત્રી કરી સરકારશ્રી પાસેથી એમને મળી શકતા લાભ અપાવીએ.

૭. આપણા જ્ઞાતિજનો થઇ શકે તેવા કોઇને કોઇ કાર્યો કરવા તત્પર રહે છે. બેકારીની ઓછી અસરનું એ પણ કારણ હોઇ શકે.

બીજા સ્થળોની આવી સમીક્ષા થાય તો સંભવ છે કેટલાક નવા મુદ્દાઓ જાણવા મળે. ■

---

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજીત સમૂહ લગ્ન

### તા. ૧૩-૧૨-૨૦૦૯

### (નોંધણી : તા. ૨૮-૯-૨૦૦૯થી ૨-૧૧-૨૦૦૯)

*આપણી જ્ઞાતિના ભુજ મધ્યે આગામી સમુહ લગ્ન તા. ૧૩-૧૨-૦૯ રવિવાર, માગસર વદ બારસના ભુજ જ્ઞાતિ દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે.*

*સમુહ લગ્નમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે નોંધણી વિજયા દશમી તા. ૨૮-૯-૦૯ સોમવારથી કરવામાં આવશે, જે દેવદિવાળી તા. ૨-૧૧-૦૯ સુધી નોંધણી કરવામાં આવશે. લગ્ન નોંધણી રૂા. ૩૮૦૦/- અંકે ત્રણ હજાર આઠસો પુરા. અને રૂા. ૨૦૦/- બસો પુરા. રજીસ્ટ્રેશન. આમ કુલ્લે રૂા. ૪૦૦૦/- ચાર હજાર પ્રત્યેક પક્ષકારોએ આપવાના રહેશે.*

# દેખાડાના ગુલામ ન બનવામાં જ શાણપણ!

*૪ ઓક્ટોબર, ૨૦૦૯ના કચ્છમિત્ર 'મધુવન' પૂર્તિમાં 'પગેરું' કોલમ અંતર્ગત, શ્રી રજનીકાંતભાઈ સોનીએ, આપણી ભુજ જ્ઞાતિ દ્વારા સગપણ આદિ પ્રસંગોમાં સાદાઈ અપનાવવા લેવાયેલા નિર્ણયો આવકારતાં લખ્યું છે કે એકવીસમી સદીમાં ભોગવાદની પરાકાષ્ઠાએ એક સમાજે અનુકરણીય ઉદાહરણ પેશ કર્યું છે.... મારૂ કંસારા સોની જ્ઞાતિએ સગાઈ લગ્ન પ્રસંગો સાદાઈથી જ ઉજવવાનું ઠરાવ્યું, એ ઘટનાની નોંધ તમામ જ્ઞાતિજનોએ લેવી જ જોઈએ...."*

*રજનીભાઈએ આ ઘટનાની નોંધ કચ્છના લોકપ્રિય દૈનિક અખબાર 'કચ્છમિત્ર'માં લઈને એક જ્ઞાતિ - સમાજના અનુકરણીય કદમનો સંદેશ કચ્છ તેમજ અન્યત્ર વસતા સમસ્ત કચ્છી પરિવારો સુધી પહોંચતો કર્યો છે. તે બદલ જ્ઞાતિ-સેતુ એમનો તથા કચ્છમિત્રનો આભાર માને છે.*

*– મુખ્યતંત્રી*

## સાદાઇને સિદ્ધાંત તરીકે અપનાવીએ, પણ આરંભ ક્યાંથી?


***– રજનીકાંત સોની***

પરિવારમાં જ્યારે મંગળ પ્રસંગ આવે ત્યારે આનંદ-ઉમંગ સ્વાભાવિક છે. અને આ ઉલ્લાસને સાથે મળીને વહેંચવાથી જ તે સમુલ્લાસ બને છે. લોકગીતમાં પણ કહ્યું છે :

પાટે તે ગણેશ બેસાડીએ / મંગળ કરી નિરધાર; / સગાં કુટુંબી તેડીએ, / જો પૂજ્યો હોય મોરાર... મંગળ પ્રસંગે બૃહદ પરિવાર ભેગો થાય અને ચાર દિવસ મોજ કરે, સગાઇ-લગ્ન જેવા પ્રસંગે આ શક્ય બનતું. આ પરંપરા જ્યારે એક રિવાજ બની ત્યારથી સમસ્યા ઊભી થઇ. દીકરી કે દીકરાના બાપમાં પહોંચ હોય કે ન હોય તેણે ઘર વેચીને પણ પ્રસંગ ઉજવવો પડે! અલબત્ત, આઝાદી પૂર્વેના અને મળી ગઇ તે અરસામાં કેટલીક જ્ઞાતિઓમાં કડક રિવાજ હતો કે દીકરી કે દીકરાના લગ્ન પ્રસંગે નિયત માપ કરતાં વધુ દાગીનો કરવો નહીં. પ્રસંગે નાતના પટેલો હાજર હોય અને ત્રાજવાં લઇને જોખી પણ જુએ. જો વધુ હોય તો દંડ કરે. ધીમે ધીમે જ્ઞાતિના મોવડીઓનું વજન ઘટતું ગયું. વળી એ પટેલો પણ પોતાના ઘરના પ્રસંગમં વધુમાં વધુ દેખાડો કરતા હોય એટલે બીજાને ક્યાં કહેવા જાય? તેથી શુભ પ્રસંગોમાં દેખાડાનું પ્રમાણ વધતું ગયું અને હાલના ભોગપ્રધાન યુગમાં તો તે ચરમસીમાએ પહોંચ્યું છે.

આપણે જોઇએ છીએ કે નીચલા મધ્યમ વર્ગનું કુટુંબ હોય, બે છેડા માંડ ભેગા કરતું હોય પણ સગાઇ કે લગ્ન પ્રસંગે ગમે એમ કરીને સગાં-સંબંધી-મિત્રો-સ્નેહીઓને જમાડવા જ પડે. જો ન જમાડે તો મહેણાં સાંભળવાની તૈયારી પણ તેણે રાખવી પડે.

મધુવન



અલબત્ત, કચ્છમાં જ્ઞાતિ કે સમાજના રીત-રિવાજનો સકંજો બહુ કડક નહોતો. કદાચ આ મુલકના લોકો જમાનાથી કરાંચી અને મુંબઇ જેવા મહાનગરોમાં આવતા-જતા હોવાના કારણે ઉદારમ-તવાદી બન્યા હશે. કચ્છની તુલનામાં સૌરાષ્ટ્ર બહુ જ પછાત છે, રીત-રિવાજોને સંબંધ છે ત્યાં સુધી હજી ત્યાં અઢારમી કે ઓગણસમી સદી ચાલે છે. સૌરાષ્ટ્ર સાથેનો 'વ્યવહાર' વધ્યો ત્યારથી કચ્છમાં પણ પાછા પગલે ચાલવાનું શરૂ થયું.

એકવીસમી સદીમાં ભોગવાદની પરાકાષ્ઠાએ એક સમાજે અનુકરણીય ઉદાહરણ પેશ કર્યું છે. મારૂ કંસારા સોની જ્ઞાતિએ સગાઇ-લગ્ન પ્રસંગો સાદાઇથી જ ઉજવવાનું ઠરાવ્યું એ ઘટનાની નોંધ તમામ જ્ઞાતિઓએ લેવી જ જોઇએ. અત્યારે તો આમ પણ મંદી ચાલે છે. અર્થશાસ્ત્રીઓ ઘરખર્ચમાં કઇ રીતે કરકસર કરવી તેની સલાહો આપે છે. એવા સમયમાં તો ગાંઠે પૂરતા પૈસા હોય તો પણ 'દેખાડા' ના ગુલામ ન બનવામાં જ શાણપણ ગણાય.

અલબત્ત, જે સમાજે સાદાઇનો ઠરાવ કર્યો છે તેણે, તેના તમામ સભ્યોએ ઠરાવનું પાલન કરવું પડશે. જો જ્ઞાતિનો કોઇ સભ્ય લખલૂટ ખર્ચ કરે તો જ્ઞાતિએ શું કરવું તે સવાલ પણ ઊભો રહેશે. ખાસ તો સમાજના જે ખમતીધર પરિવારો છે તેમણે સાદાઇના દાખલા સતત બેસાડતા રહેવું પડશે. આપમેળે મધ્યમવર્ગના પરિવારો તેમને અનુસરવાના છે. બાકી તો સાદાઇથી પ્રસંગ ઉજવનારે હિંમત અને સાહસ રાખવા જોઇએ. કોઇના મહેણાંથી ડરવાનું નહીં, મહેણાં પણ બીજા કોઇ નહીં મારે, પરિવારના વધુમાં વધુ નજીકના લોકો જ મારવાના છે. તમે સૈદ્ધાંતિક રીતે સાદાઇ અપનાવી છે એમ તેઓ નહીં માને, માનશે તો જાહેરમાં કબૂલશે નહીં. એ તો એમ જ કહેવાના કે તમે કંજૂસ છો. એવા 'અધુરિયા'ની પરવા કર્યા વિના જ આગળ વધવું જોઇએ. સાદાઇને એક સિધ્ધાંત તરીકે અપનાવ્યા પછી આપમેળે હિંમત આવી જશે. કંસારા સોની સમાજે સમસ્ત કચ્છને એક નવો માર્ગ બતાવ્યો છે, તેથી તેમને અભિનંદન. ■

# કોશિશ ફરજપૂર્તિની.....

**કુ. એકતા કટ્ટા - અંજાર**

આજે એ આંખોમાં નર્યો ખાલીપો જ હતો, જેમાં હજુ સપનાઓની સવાર ઉગી જ હતી! તેનું મન હજુ સ્વીકારી શક્યું ન હતું કે જીવનનો સામાન્ય ક્રમ ખોરવાયો છે. તેર-ચૌદ વરસની ઉંમર અને સાદી જીવનશૈલીએ તેને હજુ પરિપક્વતા નહોતી બક્ષી. માતા-પિતા અને બે બહેનોનાં પરિવારમાં સંતોષ અને સુખ સાથે જીવનની સમજ કેળવી રહેલી, જીવનમાં આગળ વધવાનાં સપના તે જોઇ રહી હતી. ત્રણ ભાંડુઓમાં સૌથી મોટી હોવાના કારણે પોતાને વધુ જવાબદાર બનાવવા તે તૈયાર હતી. પિતાનો વ્યવસાય સોના-ચાંદીના ઘરેણાંનો. બહુ સદ્ધર નહીં તો પણ એક સારી શાખ ઊભી કરવામાં સફળ થઇ રહેલી પેઢી. પિતાએ અછતભર્યા જીવનમાંથી ઘણું શીખી વ્યવસાય જમાવ્યો. મોટી થઇ પિતા માટે પુત્ર સાબિત થવા અભ્યાસ સાથે ઇતર પ્રવૃત્તિઓમાં પણ તેણે તેજસ્વિતા દાખવી. ભુજ જેવાં આધુનિક બનતાં જતાં શહેરની ખ્યાતનામ શાળામાં અભ્યાસ મેળવી આગળ વધી રહી હતી. માતા-પિતા કોઇપણ કચાશ રાખ્યા વિના સારું પારિવારિક જીવન બક્ષી રહ્યાં હતાં.

સમયનું ચક્ર ફર્યું. પિતાની પેઢીને ગ્રહણ લાગ્યું! વ્યવસાય સાથે શહેર બદલ્યું. સ્વમાનથી જીવનારા પિતાને તન અને મનથી ઘસાતાં જોયાં. અને અંતે ચૌદ વરસની ઉંમરે પિતાની છાયા ગુમાવી. જે પિતાનો ભાર હળવો કરવો હતો, તેને જ તેણે ગુમાવ્યા! માતાની ઓછા અભ્યાસ અને બાહરી વાતાવરણનાં ઓછા અનુભવની લાચારીએ તો તેને વધુ હચમચાવી! પરિવાર, સમાજનાં રીતિ-રિવાજો, વ્યવહારો અને અપેક્ષાઓ વચ્ચે તેની તેજસ્વિતા ઝાંખી થવા લાગી. અચાનક આવેલાં ચક્રવાતે તેને ચોરાહે ઊભી કરી દીધી! મોસાળ પણ થોડું વામણું! આર્થિક સ્થિતિ તો પિતાનાં સમયે જ સાવ કથળેલી છતાંયે તેનાં અભ્યાસ અને સારાં જીવન માટેની ફરજપૂર્તિની કોશિશ તો સતત ચાલુ જ હતી. પણ હવે તો જીવનનાં આધાર સમા પિતાને ગુમાવ્યા બાદ માતાની સંભાળ તેણે લેવાની હતી. કારણ, પેઢીની શાખ અને પતિને ગુમાવ્યાનાં દુઃખ સાથે માતા કોઇપણ ફરજપૂર્તિ માટે પોતાને અસહાય ગણી જીવન છોડવાની કોશિશ કરી રહી હતી.

સમયનું ચક્ર તો સતત ગતિશીલ જ રહે છે. સારો જતો રહ્યો તો ખરાબ પણ જતો રહેશે. નાના-નાની અને માસીઓનાં પરિવાર દ્વારા મળતી હૂંફ અને મનોબળે હવે મનથી વધુ કશું નહીં ગુમાવવું પડે તેવી સાંત્વના બક્ષી. હા! આધુનિક યુગમાં આર્થિક સધિયારો તો પોતાને જ મેળવવો પડશે તે વ્યવહારૂ વાત તેણે અને માતાએ સ્વીકારી લીધી હતી. ત્યારે પ્રશ્ન એજ રહ્યો કે સામાન્ય જીવન જીવવા માટે પણ આર્થિક આધાર મેળવવો શી રીતે? ક્યારેક-ક્યારેક આ પ્રશ્ન તેની માતાને ફરી તોડી મૂકતું અને ફરી પાછી તે ભયભીત બનતી! એક મહાજન સમાજમાં આ પ્રશ્ન બહુ સમય સુધી મૂંઝવે નહીં. કોઇ એક પરિવાર આર્થિક કે માનસિક રૂપે કદી તૂટે નહીં તે ફરજપૂર્તિની કોશિશ આવો સમાજ હંમેશ કરે જ કરે! અને થયું પણ એવું જ. મન અને બુદ્ધિથી તેનાં પરિવારને ફરી ઊભાં થવા પ્રાથમિક મદદ જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા રોકડ અને સિલાઇ મશીન જેવાં સાધનરૂપે મળી. એક પરિવાર જ્યારે આર્થિકરૂપે તૂટે ત્યારે તેને ફરી ઊભું થતાં જે મહેનત અને સમય લાગે તેનાં કરતાં અનેકગણો વધુ સમય અને કપરી પરિસ્થિતિનો સામનો શાખ ગુમાવી મનથી તૂટેલાં, પરિવારનાં મોભી ગુમાવેલાં, માત્ર પુત્રીઓનાં પરિવારને કરવો પડતો હોય છે! નાનાનું મકાન અને પોતાનું મકાન બન્ને ભાડાનાં! આર્થિક બચત માટે તેનું પરિવાર નાનાનાં પરિવાર સાથે રહેવા આવી ગયું. મકાન માલિકે પણ માણસ તરીકેની ફરજ પૂરી કરવા પોતાનો થોડો લાભ જતો કર્યો અને તેનાં પરિવારને થોડી રાહત મળી. તેનું આવનારું અભ્યાસ સત્ર બોર્ડનું! ટ્યુશન અને સ્કુલના ખર્ચને પહોંચી વળાશે કે કેમ? શું તેણે અભ્યાસ છોડી આ ખર્ચથી પરિવારને બચાવવું અને યથાયોગ્ય કામ મેળવી પરિવારને આર્થિક મદદ કરવી? ફરી એજ મુંઝવણ! શહેરમાં સારું નામ કાઢેલ ટ્યુશન ક્લાસ ચલાવનાર જ્ઞાતિનાં શિક્ષકે તેની મુંઝવણ દૂર કરી. ટ્યુશન ખર્ચ જતું કરી સાથે પુસ્તક વિગેરેનાં ખર્ચ માટે પણ મદદ કરી. કપરી માનસિક પરિસ્થિતિ અને ઘરની આર્થિક સ્થિતિમાં પણ તેની મહેનત અને શિક્ષકની મદદે ૮૨% ગુણ સાથે તેણે તેજસ્વિતા સિદ્ધ કરી.

આ તરફ માતાએ પગભર થવા પ્રયત્નો ચાલુ જ રાખ્યા. જ્ઞાતિ શ્રેષ્ઠીઓ અહીં પણ તેને યથાયોગ્ય મદદે આવ્યા. ક્યારેક કોઇક ઘરેણાંની પેઢીમાં નોકરીની અપેક્ષા રાખી તો વળી આંગનવાડી જેવી સરકારી મદદની અપેક્ષા પણ સેવી. છૂટક સિલાઇકામ પણ કરી જોયાં તો કંતાન-બારદાન સિવવાનું કામ પણ કર્યું. ભરત-ગૂંથણ માટે જાણીતા અંજાર શહેરમાં રહેતાં હોવાથી ભરત-ગૂંથણ પણ કર્યું. વરસ-દોઢ વરસ જેવો સમય પસાર થઇ ગયો. ત્રણ-ત્રણ પુત્રીઓ અને પિતા સિવાય અન્ય પુરૂષ સભ્ય વિનાનાં પરિવારને ઊભું કરવાની ફરજ માટે તેની માતાએ માનસિક વ્યથા પચાવી, થતી તેટલી કોશિશો કરી. અંતે જ્ઞાતિનાં જ ગણાતાં સોના-ચાંદીનાં વ્યવસાયનાં એક ભાગ આઠડા ખોલવા જેવાં કામ પ્રત્યે ધ્યાન કેન્દ્રીત કર્યું.

થોડી સુધરેલી પરિસ્થિતિઓ, અભ્યાસની પોતાની મહેનતનાં પરિણામ અને સ્થાનિક જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા તેના પરિવારની લેવાતી કાળજીએ તેને આત્મબળ અને આશાવાદ બક્ષ્યા. જ્ઞાતિનાં સરસ્વતી સન્માનમાં તેનું સન્માન પણ થયું. અને ત્યાં જ તેનાં ઉજ્જવળ ભવિષ્ય માટેની કોશિશનો પ્રારંભ થયો. ત્યાં ઉપસ્થિત જ્ઞાતિ શ્રેષ્ઠીઓમાંનાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ગાંધીધામ શાખાનાં ડેપ્યુટી મેનેજરે બેંક દ્વારા જરૂરતમંદ તેજસ્વી બાળકીઓને ઉચ્ચ અભ્યાસ માટે દત્તક લેવાની યોજનાની વાત જ્ઞાતિ પ્રમુખ સમક્ષ કરી અને તેઓ પણ આ યોજનાનો લાભ તેણીને અપાવવા વિના વિલંબે સક્રિય બન્યા અને પરિણામે દસ ધોરણ સુધીનું ઉચ્ચ પરિણામ અને અતિશય નબળી આર્થિક પરિસ્થિતિવાળી બાળકીઓનાં ઉચ્ચ અભ્યાસ માટે કોઇપણ ભેદભાવ વિના, ગમે તે ગામ-શહેરની આ બેંકની શાખા દ્વારા દત્તક લેવાની આ યોજનાનો તેને લાભ મળ્યો.

(અનુસંધાન : જુઓ પાના - ૨૦ ઉપર)

## કચ્છના પ્રખ્યાત
## ચાંદીનાં તથા સોનાનાં દાગીના
## બનાવનાર તથા વેચનાર



| રમેશભાઈ | હર્ષદભાઈ | નિલેષભાઈ |
|---|---|---|
| ૯૪૨૮૧ ૧૬૨૨૧ | ૯૪૨૮૧ ૧૬૧૩૧ | ૯૪૨૮૧ ૧૬૧૪૧ |

# શ્રી ત્રિપુરારી જ્વેલર્સ

**(ઉખેડા - કચ્છવાળા)**

બી-૧, રાજ કોમ્પ્લેક્સ, દેવી સિનેમાની બાજુમાં,
મહાપ્રભુજીની બેઠક સામે, નરોડા, અમદાવાદ-૩૦.

**ફોન : (૦૭૯) ૨૨૮૨ ૦૪૪૬ (રહે) ૨૨૮૨ ૧૪૨૫**

## શ્રી અંજાર જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા લેવાયા રચનાત્મક નિર્ણયો

ગત તા. ૨૩-૧૦-૨૦૦૯નાં રોજ શ્રી મહાકાલીકા મંદિર મધ્યે પ્રતિ વર્ષ મુજબ "લાભપાંચમ"ના રોજ લખાતા લાણાં અનુસાર રાત્રે ૯.૩૦ કલાકે મળેલ સામાન્ય સભામાં ઉપસ્થિત જ્ઞાતિજનોની સંમતિથી દૂધપીણા બાબત, લાણા બાબત અને જ્ઞાતિ ઉત્કર્ષ કાર્યો માટે તથા બચત બેન્ક બાબતે નિર્ણયો લેવાયાં હતાં. તંદુપરાંત અન્ય જ્ઞાતિ વિષયક બાબતોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આથી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજારના તમામ જ્ઞાતિજનોને જણાવવાનું કે, ગત તા. ૨૩-૧૦-૨૦૦૯ કારતક સુદ-૫ ના દિને જનરલ મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આપણી જ્ઞાતિમાં સગપણથી અગાઉ દૂધપીણા પ્રસંગ બાબતે જાહેર ચર્ચાને અંતે તમામ જ્ઞાતિજનોના હિતમાં નીચે મુજબ નિયમો બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ઉપરાંત લાણા બાબત તથા જ્ઞાતિ માટે બચત બાબતે ચર્ચા કરી નિયમો બનાવવામાં આવેલ છે. જે નીચે મુજબ છે. આથી સર્વે જ્ઞાતિજનોને આ નિયમોનું પાલન કરવા નમ્ર વિનંતી કરવામાં આવે છે.

**૧. જનરલ મિટીંગના ઠરાવ નં.૧ વાળાથી દૂધ પીણા બાબતના નિયમો**

- દૂધ પીણા પ્રસંગે વર પક્ષના માત્ર ૫ થી ૧૧ વ્યક્તિઓએ જઇ રસમ પૂરી કરવી.
- દૂધ પીણા પ્રસંગે વર-કન્યાને તિલક ન કરવું.
- દૂધ પીણા પ્રસંગે રીંગ એક્સચેન્જ (વીંટી) પહેરાવવાની વિધિ ન કરવી.
- દૂધ પીણા પ્રસંગે કોઇ જમણવાર ન કરવું.
- દૂધ પીણા પ્રસંગે અન્ય કોઇ બિનજરૂરી ખર્ચા ન કરવા.

આ નિયમો સર્વે જ્ઞાતિજનોના હિતમાં બનાવવામાં આવેલા હોઇ, તેનો સર્વે જ્ઞાતિજનોએ સ્વેચ્છાએ કોઇપણ જાતના દબાણ કે આગ્રહ કરવાનો પ્રસંગ ઉભો ન થાય તે બાબતની કાળજી રાખવા નમ્ર અપીલ છે.

**૨. જનરલ મીટીંગના ઠરાવ નં. ૨ વાળાથી લાણા બાબતના નિયમો**

- સર્વે જ્ઞાતિજનોએ દર વર્ષે ભરવાનો થતો લાણો શક્ય હોય ત્યાં સુધી લાભ પાંચમના દિવસે રાખવામાં આવતી જનરલ મિટીંગમાં હાજર રહી ભરપાઇ કરવું.
- સંજોગોવસાત તે રીતે જનરલ મિટીંગમાં હાજર ન રહી શકાય તો ત્યારથી એક માસની અંદર લાણો ભરપાઇ કરવાનો રહેશે.
- તે રીતે એક માસમાં લાણો નહિ ભરનાર પાસેથી રૂા. ૫૦/- દંડ વસુલ કરવામાં આવશે.
- નવું લાણેદાર કાર્ડ કઢાવવા માટે જે રૂા. ૨૦/- નક્કી કરેલ હતા તેમાં વધારો કરી નવા લાણેદાર કાર્ડના રૂા. ૧૦૦/- વસુલ લેવામાં આવશે.
- લાભ પાંચમનાં દિવસે હાજર ન રહી શકનાર લાણેદારને પ્રસાદી હશે ત્યાં સુધી-વધુમાં વધુ ૨ દિવસ સુધી આપવામાં આવશે ત્યારબાદ પ્રસાદી આપવામાં આવશે નહિ.
- તેવી જ રીતે ખણની પ્રસાદી તે દિવસે જે મંદિરમાં હાજર હશે તેમને જ પ્રસાદી મળશે.

**૩. જનરલ મિટીંગના ઠરાવ નં. ૩ વાળાથી બચત બેન્કના નિયમો**

- દરેક લાણેદારે જ્ઞાતિ માટે સ્વેચ્છાએ રોજનો ઓછામાં ઓછો ૧ રૂપિયો બચત કરવો.
- જ્ઞાતિ તરફથી લાણેદાર દીઠ બચત બેન્ક (પેટી) આપવામાં આવશે. જેમાં સ્વેચ્છાએ બચત કરવી.
- આ રીતે થતી બચત દર વર્ષે દિવાળી પછી ત્રીજથી પાંચમ સુધી જ્ઞાતિની ઓફિસે જમા કરાવી આપવી. જેથી પાંચમના રોજ જનરલ મિટીંગમાં આ રીતે બચત થયેલી રકમ જ્ઞાતિજનો સમક્ષ જાહેર કરી શકાય.
- આ રીતે થતી બચતની રકમનો ઉપયોગ શિક્ષણ, મેડિકલ, સાંસ્કૃતિક તથા જ્ઞાતિ ઉત્કર્ષની ઇતર પ્રવૃત્તિઓમાં કરવામાં આવશે.

વિશેષમાં છેલ્લા બે થી ત્રણ જ્ઞાતિના કાર્યક્રમોના આયોજન દરમ્યાન જ્ઞાતિજનોની હાજરી તથા ઉત્સાહમાં ઉણપ અનુભવાઇ હોઇ, સર્વે જ્ઞાતિજનોને જ્ઞાતિના કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઇ, કરવામાં આવતાં કાર્યક્રમોને જીવંત રાખવામાં સહભાગી થવા વિનંતી.


એ રીતેના નિયમોનું સર્વેએ પાલન કરી જ્ઞાતિ વહીવટમાં સહભાગી થવા નમ્ર વિનંતી છે.

*પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર*

## તેજસ્વી તરૂણીઓ



**જાગૃતિ પ્રકાશભાઇ સોની**
**માનકુવા**
MBA - 2nd Sem. : 90%





**કુ. મનાલી મહીચા**
**રાયપુર (છ.ગ.)**
C.P.T. : 2nd Class

## બુધ્ધભટ્ટી કુટુંબના પુરશાદાદાની પેડીનો પર્વ ઉજવાયો



કારતક સુદ-૧૪, તા. ૧-૧૧-૨૦૦૯, રવિવારના રોજ બુધ્ધભટ્ટી કુટુંબના પુરશાદાદાની પેડીની ઉજવણી કચ્છ જીલ્લાના અબડાસા તાલુકાના ભાનાડા ગામની સીમમાં આવેલ દાદાની દેરી ખાતે ઉજવાયો.

કચ્છમાં કોઠારાથી નલીયા જતા રાજમાર્ગ પર ભાનાડા ગામ પાસે, એરફોર્સની બિલકુલ સામે આ દેરી આવેલી છે. આ સ્થળે દર વર્ષે પેડીનું આયોજન કરવામાં આવે છે.



અંજાર, ભુજ, માધાપર, માંડવી, કોઠારા, નખત્રાણા, નલીયા વિ. સ્થળોએથી તથા મુંબઈ સિકંદ્રાબાદથી પણ બુધ્ધભટ્ટી કુટુંબના સભ્યો દર વર્ષે આ સ્થળે સાથે મળી પેડી ઉજવે છે.

અંજારથી ૧૦થી ૧૫ યુવાનો આગલા દિવસે એટલે કે કારતક સુદ-૧૩ના રોજ રાશન, મંડપ, વાસણ વિ. તમામ વસ્તુઓ સાથે લઈ પહોંચી જાય છે અને આ જગ્યાએ જંગલ હોઈ, ત્યાં ઝાડી ઝાંખરા સાફ કરી વાહનો આવ-જા કરી શકે તે માટેનો રસ્તો બનાવી સાફ સફાઈ તથા ઉજવણીની આગોતરી તૈયારીઓ કરે છે. અને કારતક સુદ-૧૪ના દિવસે અંજારથી આશરે ૧૪૦-૧૫૦ વ્યક્તિઓ બસ તથા અન્ય વાહનો દ્વારા તેમજ માધાપર, ભુજથી પણ તેટલા જ લોકો ત્યાં પહોંચે છે.

ચૌદસના રોજ હોમ-હવન સાથે નૈવેદ્ય ધરી પૂજાપાઠ કરવામાં આવે છે અને સૌ સાથે મળી પ્રસાદનો લાભ લે છે. ગત તા. ૧-૧૧-૨૦૦૯નાં રોજ ૫૦૦થી પણ વધારે લોકોએ આ પેડીની ઉજવણીમાં ભાગ લીધો હતો. હવનમાં માંડવીના પ્રેમજીભાઈ લાલજીભાઈ કુટુંબમાંથી નીલેશભાઈ બેઠા હતા.

આ આયોજનને સફળ બનાવવા નીતિનભાઈ, સતીષભાઈ, નરેશભાઈ, સંદીપભાઈ, જીતુભાઈ, કૈલાશભાઈ, મિતેશભાઈ, નીલમભાઈ, નિકુંજભાઈ વિ.એ જહેમત ઉઠાવી હતી. ■

---

## અનુભૂતિ
### કોશિશ ફરજપૂર્તિની....

(અનુસંધાન પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)

હવે તે ડિપ્લોમાં ઈન કોમ્પ્યુટર એન્જીનીયરીંગનાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી ચૂકી છે. હવે ફરી તેની આંખોમાં ઉજ્જવળ ભવિષ્યનાં સ્વપ્નો વસવા લાગ્યાં છે. પોતાનાં તેજસ્વી જીવન સાથે પરિવારને આધાર બક્ષવાની ફરજપૂર્તિનું સ્વપ્ન તેની આંખો જોવા લાગી છે.

તેની, તેનાં પરિવારની જીવન પ્રત્યે ફરજપૂર્તિની કોશિશ અને જ્ઞાતિ-સમાજની કોઈપણ પરિવાર પ્રત્યેની ફરજપૂર્તિની કોશિશે આજે કપરી પરિસ્થિતિઓ પર કાબૂ મેળવવા કઈક અંશે વિજય મેળવ્યો છે. કોઈપણ જ્ઞાતિ-સમાજનાં પ્રત્યેક પરિવારો સુખી કે સમૃદ્ધ હોય તે જરૂરી નથી. પરંતુ, જે પરિવારો વાસ્તવમાં કપરી પરિસ્થિતિઓમાં મૂકાયેલાં છે, તેનો પ્રમાણ બહુ જ ઓછો હોય છે. જેને જ્ઞાતિ-સમાજનો સહિયારો પ્રયાસ ફરી સામાન્ય જીવનક્રમ બક્ષવા સક્ષમ હોય છે. જ્ઞાતિ દ્વારા અપાતી ટાંચણી જેટલી હૂંફ-મદદ કોઈ પરિવારને પગતળે ધરતી અને માથે વિશાળ આકાશ બક્ષી શકે છે. એ આર્થિક રીતે સંપન્ન જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા થોડા સમય માટે પણ પાંચસો રૂપિયા જેવી રોકડ સહાય, સિલાઈ મશીન, તો જ્ઞાતિનાં શિક્ષક દ્વારા પુત્રી ગણી અપાયેલ અભ્યાસ કેળવણી, બેંક ઓફિસર દ્વારા સૂચન અને આવશ્યક પ્રક્રિયાઓમાં તત્પરતા, જ્ઞાતિ પ્રમુખની ત્વરિત નિર્ણય શક્તિ અને સમયનું યોગદાન આ તમામ વ્યક્તિઓની કોઈ પણ સંબંધ વિના માત્ર જ્ઞાતિ પરિવાર પ્રત્યેની ફરજપૂર્તિની કોશિશ હતી. જેનાં પરિણામે એક પરિવાર કપરી પરિસ્થિતિઓથી બહાર આવી સારાં ભવિષ્યની રાહે ચાલી શક્યું.

તેણીનાં પિતાનો વ્હાલ અને હૂંફ તો તેની આંખોની કાળી કીકીમાં વસી ગયું છે. જેને બક્ષવા કોઈપણ સક્ષમ નથી. પરંતુ, જ્ઞાતિજનોનાં સહિયારા પ્રયાસે તેની આંખોનાં ખાલીપાને દૂર કરી ફરી સ્વપ્નો સેવતાં જરૂર કરી દીધી છે!

કોઈપણ નામનાં ઉલ્લેખ વિના આ સત્ય ઘટના અત્રે રજૂ કરવાનો હેતુ માત્ર એટલો જ કે "આંગળી ચીંધવામાં પણ મહા પુણ્ય" મુજબ આપણી આસપાસ ઘણી વખત આર્થિક પરિસ્થિતિઓ, માર્ગદર્શનનાં અભાવ, આવશ્યક ઉત્સાહ-પ્રેરણાનાં અભાવનાં કારણે અભ્યાસ અને ઉજ્જવળ ભવિષ્ય ખોરવાતું હોય છે ત્યારે આપણી જ્ઞાતિનાં સરકારી, શૈક્ષણિક જેવાં વિવિધ ક્ષેત્રોમાં જ્ઞાતિજનો દ્વારા થોડી સજાગતાનો સહયોગ સરકારી, શૈક્ષણિક યોજનાઓ જેવાં લાભો અપાવી ઉજ્જવળ ભવિષ્યનાં શિખરો સર કરાવી શકે છે. બેંક ઓફિસરનું સૂચન અને સહયોગ આનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. આવા કોઈપણ મળતાં લાભો જ્ઞાતિજનોને અપાવવાની કોશિશ જે તે ક્ષેત્રનાં જ્ઞાતિ શ્રેષ્ઠીઓ પાસેથી અપેક્ષિત છે. ■

**જ્ઞાતિ સમાચાર**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - રાયપુર (છ.ગ.)

**ટીના પ્રફુલ બારમેડા**

વેકેશન દરમિયાન પ્રથમવાર સમરકેમ્પનું આયોજન કરવામાં આવેલ. સમરકેમ્પમાં નાના-મોટા બાળકોએ વેસ્ટર્ન ડાન્સની તાલીમ લીધી. તથા ડ્રોઈંગ-પેઈન્ટીંગ, કોર્નર ફાઉન્ટેન અને શિરામીક વર્કના ક્લાસ લેવામાં આવ્યા. શ્રીમતી યોગીતા મયૂર બારમેડા દ્વાર કોર્નર ફાઉન્ટેન તથા શિરામીક વર્કનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. કવિત બુદ્ધભટ્ટી દ્વારા ડાન્સ અને શ્રીમતી નીતા બુદ્ધભટ્ટી દ્વારા ડ્રોઈંગ-પેઈન્ટીંગનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. સર્વે મહિલા મંડળના સભ્યોએ તથા જ્ઞાતિજનોએ ખૂબજ ઉત્સાહથી સાથ-સહકાર આપીને સમરકેમ્પનું આયોજન સફળ બનાવ્યું. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતા નીલેશ બુદ્ધભટ્ટીએ તથા સહકાર્યકર્તાઓએ સર્વેના સાથ-સહકાર માટે આભાર વ્યક્ત કર્યો.







**જ્ઞાતિ સમાચાર**

# મારૂ કંસારા સોની જ્ઞાતિ - માંડવી

## શ્રી ભુજ જ્ઞાતિના સગાઇ અંગેના નિયમો વિષે

જે અંગેના અમારા મત મુજબ સુધાર નિયમ-૫ (પાંચ) ગોરશ્રીને દક્ષિણા અંગે દક્ષિણાની લઘુત્તમ મર્યાદા નક્કી કરવામાં આવે તેમજ યજમાનની ઇચ્છા અનુસાર શક્ય તેટલી વધુ આપી શકાય.

નિયમ-૯ (નવ) રીંગ સેરેમની

માતાજીના મંદિરમાં સગપણ સમયે રીંગ સેરેમની યોજી શકાય તે અંગે નિયમમાં ઉલ્લેખ કરવું.

નિયમ-૧૨ (૧૨) સગપણ પ્રસંગે ૧૧ જણ અંગે દાગીના ચડાવવા તથા બોલાવવા કે જવા માટે વધુમાં વધુ ૧૧ જણની મર્યાદા યોગ્ય છે પરંતુ સગપણ જેવા પ્રસંગે ૧૧ જણની મર્યાદા વિચાર માંગે તેવી છે. સગપણ થનાર વર કે કન્યા તથા બે મિત્ર કુલ્લ ૩-બાકી રહેતા ૮ જણ માત્ર સંખ્યા તે વિચાર માંગી લે તેવી છે અમારા મત મુજબ તો તે અંગે યોગ્ય કરવું જોઇએ. એમ અમારૂં માનવું છે.

નિયમ-૧૪-૧૫ (ચૌદ-પંદર) અલગ ડોનેશન નિયમ અનુસાર લાગત

ડોનેશન અને લાગત બંને વસ્તુ એકજ લાગે છે. માટે સમય મુજબ વધારો કરી એકજ રાખવી એ યોગ્ય જણાય છે તેમજ આવા સુંદર પ્રસંગે જ્ઞાતિજનોએ જ્ઞાતને ૠણ ચૂકવવાનો પ્રસંગ સમજીને જ્ઞાતિ પ્રત્યે પોતાની ફરજ અદા કરી શક્ય તેટલું વધુ ડોનેશન આપવું યોગ્ય છે.

નવા નિયમનો ઉમેરો યોગ્ય જણાય તો કરવું.

સગપણ અને લગ્ન વચ્ચેનો સમયગાળો શક્ય તેટલો ઓછો રાખવા અંગેનો નિયમ દાખલ કરવો યોગ્ય જણાય તે સગપણ તથા લગ્ન વચ્ચેનો લાંબો સમયગાળો સગપણ તૂટવા અંગે કારણભૂત મનાય છે જે અમારૂં માનવું છે.

*વિનોદ વી. કંસારા - પ્રમુખશ્રી*
*મો. ૯૮૯૮૮ ૩૧૫૨૦*

# નૂતન વર્ષાભિનંદન

## શ્રી સાબરકાંઠા જીલ્લા કચ્છ મારૂ સોની મહામંડળ

| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |
|---|---|---|
| શંકરલાલ મંગળદાસ સોની | ભાઈલાલભાઈ જીવરામ સોની | જીતેન્દ્રકુમાર ખીમજીભાઈ સોની |

સોની ગોપાલજીભાઈ શામજીભાઈ

ઈમારતી તથા જલાઉ લાકડાનાં વહેપારી

# કામધેનુ સો મિલ

ગણેશ જીન કમ્પાઉન્ડ, પોલીસ સ્ટેશન સામે,
મુ.પો. દહેગામ, જી. ગાંધીનગર.
ફોન : (ઓ) ૦૨૭૧૬-૨૩૦૩૮૫, (રહે.) ૨૩૦૨૮૭
મો. ૯૮૨૫૩ ૯૫૪૬૪

# શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ

**સમીર કંસારા**

આપણી જ્ઞાતિના ગાંધીધામ ખાતેના ઉત્કર્ષ મંડળ દ્વારા તા. ૪-૧૦-૨૦૦૯ના રવિવારે શરદ પૂનમના દિવસે શરદ મહોત્સવ - ૨૦૦૯ના કાર્યક્રમ અંતર્ગત મેડિકલ ચેક-અપ કેમ્પ, મહિલાઓ અને બાળકો માટે જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ, પ્રદર્શન, ગ્રુપ ગરબા હરીફાઈ અને દાંડિયા રાસનું આયોજન થયું હતું.

મેડિકલ ચેક-અપ કેમ્પ સવારે ૯.૦૦થી બપોરે ૧.૦૦ સુધી યોજાયેલ જેમાં નીચેની શારીરિક તકલીફો માટે લગભગ ૩૦૦ દર્દીઓની તપાસ થયેલ તેમજ આઠ વિશેષજ્ઞ ડોક્ટરો દ્વારા દર્દીઓને સલાહ સૂચન આપવામાં આવેલ.

(૧) હૃદય રોગ
(૨) જનરલ ફિઝીશીયન
(૩) નાક, કાન અને ગળાના રોગ
(૪) દાંતના રોગો
(૫) સ્ત્રી રોગ
(૬) હાડકાના રોગ
(૭) આંખના રોગ
(૮) બાળ રોગ

બાળકો અને મહિલાઓ માટે રમત-ગમત સ્પર્ધા બપોરે ૩.૦૦થી સાંજના ૬.૦૦ સુધી આયોજન થયેલ. જેમાં

૧૦ વર્ષ સુધીના બાળકો માટેની સ્પર્ધાઓ :

૧. ચિત્રકળા હરીફાઈ (મીણીયા કલરથી)
૨. લીંબુ ચમચી હરીફાઈ
૩. ૧ મિનિટ હરીફાઈ
૪. સામાન્ય જ્ઞાન હરીફાઈ
૫. સુલેખન હરીફાઈ.

૧૫ વર્ષ સુધીના બાળકો માટે નીચેની સ્પર્ધાઓનું આયોજન થયું હતું.

૧. ચિત્રકળા હરીફાઈ (વોટર કલરથી)
૨. લીંબુ ચમચી હરીફાઈ
૩. ૧ મિનિટ હરીફાઈ
૪. સામાન્ય જ્ઞાન હરીફાઈ
૫. સુલેખન હરીફાઈ

જે માટે સ્પર્ધકોને કાગળ, પેન્સિલ, રબ્બર તથા વોટર કલર મંડળ તરફથી આપવામાં આવ્યા હતા.

(બંને સ્પર્ધાના વિજેતાઓના નામો સેતુના હવે પછીના અંકમાં આપવામાં આવશે.)

તદુપરાંત મહિલાઓ માટે પણ સ્પર્ધાઓનું આયોજન થયું. જેનો લાભ વિવિધ સંસ્થાની મહિલાઓએ હોંશભેર લીધો હતો.

૧. રંગોળી હરીફાઈ
૨. ભજન હરીફાઈ
૩. સામાન્ય જ્ઞાન હરીફાઈ
૪. ૧ મિનિટ હરીફાઈ
૫. મ્યુઝીકલ ચેર હરીફાઈ.

રંગોળીના કલર મંડળ તરફથી આપવામાં આવ્યા હતા.

રાસ ગરબા હરીફાઈ અને દાંડિયારાસના કાર્યક્રમની રમઝટ ખૂબજ રસપ્રદ રહી હતી. આ હરીફાઈમાં અંજારના પોમલ ગ્રુપ પ્રથમ સ્થાને તેમજ માનકુવાના ગુજરાતી ગ્રુપને દ્વિતીય સ્થાન મળ્યું હતું. કાર્યક્રમનો વિગતવાર આલેખ આગામી અંકમાં આપવામાં આવશે. ■

# અમદાવાદ જ્ઞાતિ મંડળની વધુ એક અનોખી પહેલ

## બંધારણ સુધારા

અમદાવાદ જ્ઞાતિ સંસ્થાના બંધારણમાં સભ્યપદના નવા બે પ્રકાર ઉમેરવામાં આવેલ છે. મૂળ કચ્છના અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં રહેતા મારૂ કંસારા સોનીના જ્ઞાતિજન સંસ્થા સામાન્ય સભ્ય થાય છે. તે ઉપરાંત હવે (૧) સ્વજન સભ્યપદ તેમજ (૨) માનદ્ સભ્યપદ – આપવાનું નક્કી થયેલ છે. કચ્છી મારૂ કંસારા સોની પરિવારની દીકરી કંસારા સમાજના અન્ય ગોળ ઘટકમાં પરીણિત હોય તો તે દીકરી લગ્ન બાદ અમદાવાદ જ્ઞાતિમાં સ્વજન સભ્યપદ મેળવી શકશે અને તે રીતે તે સમાજ સાથે સંપર્કમાં રહી શકશે.

(૨) કેટલાક શહેર અને ગામોમાં આપણી જ્ઞાતિના ખૂબ જુજ કે એકલદોકલ પરિવારો રહેતા હોય છે. આ પરિવારો કોઈ જ્ઞાતિ સંસ્થા સાથે જોડાયેલ હોતા નથી. અમદાવાદની પાસે વડોદરા, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરત, વલસાડ જેવા સ્થળોએ રહેતાં પરિવારો જ્ઞાતિની કોઈ પ્રવૃત્તિનો લાભ લઈ શકતા નથી. આથી આવા પરિવારો અમદાવાદ જ્ઞાતિનું માનદ્ સભ્યપદ મેળવી શકશે અને તે રીતે સમગ્ર જ્ઞાતિ પરિવારની પ્રવૃત્તિમાં જોડાઈ શકશે.

સમગ્ર કચ્છી મારૂ કંસારા સોની સમાજની પ્રગતિ અને વિકાસની દિશામાં અમદાવાદ જ્ઞાતિ મંડળની આ પ્રગતિશીલ પહેલ દિશા સૂચક બની રહેશે તેવી આશા છે.

સુધારેલા બંધારણમાં અમદાવાદથી બહાર - આસપાસના શહેરોમાં વસતા જ્ઞાતિજનો (જેમનો તે શહેરમાં જ્ઞાતિ-સમાજ ન હોય, તો તેઓ પણ અમદાવાદ જ્ઞાતિ સમાજનું માનદ્ સભ્યપદ મેળવી શકે છે. વધુ માહિતી માટે માનદ્ મંત્રી શ્રી અતુલભાઈ સોની (મો. ૯૭૨૫૦ ૩૮૪૧૦) પર સંપર્ક થઈ શકે છે.

***અતુલ સોની - માનદ્ મંત્રી***

## તેજસ્વી તારલો



**જીજ્ઞેશ પ્રફુલ બારમેડા**
**રાયપુર (છ.ગ.)**
Std.-2 : A Grade

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

## અમદાવાદ જ્ઞાતિમંડળ
## વાર્ષિક સ્નેહમિલન તથા સામાન્ય સભા

દીપોત્સવી પર્વ બાદ નૂતન વર્ષના પ્રારંભ નિમિત્તે અમદાવાદ જ્ઞાતિનો વાર્ષિક સ્નેહમિલન પરંપરાગત ઉલ્લાસ અને ઉમંગથી તા. ૮-૧૧-૦૯ના રોજ ઉજવાયો.

જ્ઞાતિજનોએ પરસ્પર નૂતન વર્ષાભિનંદનની આપ-લે કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં પ્રમુખશ્રી મનુભાઈ કોટડીયાએ સર્વે જ્ઞાતિજનોને આવકારી, શુભેચ્છા પાઠવી હતી. ભુજથી ખાસ પધારેલ જ્ઞાતિ અગ્રણી શ્રી શૈલેષભાઈ કંસારાએ અમદાવાદ જ્ઞાતિમાં થતી વિવિધ પ્રવૃત્તિઓની પ્રસંશા કરી હતી. જ્ઞાતિના વડીલ અગ્રણી તથા જ્ઞાતિસેતુના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારાએ સેતુની પ્રગતિ માટે સહકાર આપવા બદલ સૌનો આભાર દર્શાવી શુભેચ્છા પાઠવી હતી.

જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ સંસ્થાની ગત વર્ષની કામગીરીનો અહેવાલ રજૂ કરેલ. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ. અમદાવાદ જ્ઞાતિ મંડળને ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ કરવાનો નિર્ણય કરવામાં આવેલ. જ્ઞાતિના બંધારણમાં જરૂરી સુધારાની દરખાસ્તને સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે. અમદાવાદ જ્ઞાતિ સંસ્થાની કારોબારી સમિતિની મુદત પૂર્ણ થયેલ હોઈ નવા બંધારણને આધારે ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સર્વાનુમતે આગામી બે વર્ષ માટે વરણી કરવામાં આવેલ. જ્ઞાતિના પ્રમુખ શ્રી મનુભાઈ કોટડીયાને ફરીથી પ્રમુખપદે ચુંટવામાં આવેલ છે. જ્ઞાતિમાં પ્રથમ વખત મહિલા મંડળની રચના થઈ અને શ્રીમતી રમાબેનની મહિલા મંડળના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ છે. શ્રી તુલસીદાસ કંસારાએ સમગ્ર ચુંટણી પ્રક્રિયાનું સફળતાપૂર્વક સંચાલન કરેલ. જ્ઞાતિના બાળકો દ્વારા ગીત - નૃત્ય રજૂ કરવામાં આવેલ. જેનાથી સમગ્ર વાતાવરણ આનંદમય થઈ ગયેલ. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરવામાં આવેલ. દાતાશ્રી તુલસીદાસ ઓધવજી બુધ્ધભટ્ટી તથા સ્વ. શશીકાંત કેશવજી બુધ્ધભટ્ટી તરફથી ધોરણ-૧૦ અને ૧૨માં પ્રથમ તથા દ્વિતીય સ્થાને આવેલ વિદ્યાર્થીઓને ગોલ્ડન - સીલ્વર મેડલ અર્પણ કરવામાં આવેલ. સ્વ. હરીલાલ કે. બુધ્ધભટ્ટી પરિવાર તથા શ્રી તનસુખભાઈ મહિચાના સૌજન્યથી સર્વે વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવેલ.

શ્રી સૂર્યકાંતભાઈ સોની દ્વારા આભારવિધિ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે સૌ પરિવારજનોએ સ્નેહ ભોજનનો આસ્વાદ માણી છુટા પડેલ.

*અતુલ સોની - માનદ્ મંત્રી*

## અમદાવાદ જ્ઞાતિમંડળ - નૂતન ટ્રસ્ટમંડળ
## તથા કારોબારી સમિતિની રચના

અમદાવાદ જ્ઞાતિમંડળ, ટ્રસ્ટમંડળ તથા કારોબારી સમિતિની રચના કરવામાં આવેલ છે. ટ્રસ્ટ મંડળમાં હોદ્દેદારો ઉપરાંત જ્ઞાતિ અગ્રણીમાંથી ત્રણ ટ્રસ્ટીઓ નીમવામાં આવેલ છે. પ્રથમ વખત જ્ઞાતિની મહિલા પાંખના વડા તરીકે શ્રીમતી રમાબેનની વરણી કરવામાં આવેલ છે.

- **ટ્રસ્ટીઓ :**

૧. શ્રી હંસરાજભાઈ કંસારા
૨. શ્રી તુલસીદાસભાઈ કંસારા
૩. શ્રી સૂર્યકાંતભાઈ સોની

- **હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓ :**

૧. શ્રી મનુભાઈ કોટડીયા - પ્રમુખ
૨. શ્રી ગીરીશભાઈ સોની - ઉપપ્રમુખ
૩. શ્રી અતુલ સોની - માનદ્ મંત્રી
૪. શ્રી રાજેન્દ્ર સોની - ખજાનચી
૫. શ્રી જયમીન સોની - સહ ખજાનચી

- **કારોબારી સભ્યો :**

૧. શ્રી રમેશભાઈ સોની
૨. શ્રી કનુભાઈ બીજલાણી
૩. શ્રી કિરીટભાઈ કંસારા
૪. શ્રી સતીષભાઈ બુધ્ધભટ્ટી
૫. શ્રી રશ્મિનભાઈ બારમેડા
૬. શ્રી કૌશિકભાઈ સાકરીયા

- **મહિલા મંડળ પ્રમુખ :** શ્રીમતી રમાબેન પ્રહલાદભાઈ સોની



## આભાર દર્શન

*જાહેરાત / ડોનેશન / લવાજમ / સ્વૈચ્છિક વાર્ષિક યોગદાન આપી સમાજને સુદૃઢ બનાવવા તેમજ 'જ્ઞાતિ-સેતુ'ના પ્રકાશન / વિતરણ ખર્ચની વ્યવસ્થા કરવા માટે આવશ્યક ભંડોળમાં ભરતી કરવા બદલ જ્ઞાતિ સમાજના સભ્યો / હિતચિંતકો – સહુનો હાર્દિક આભાર.*

*મનુભાઈ કોટડીયા - પ્રમુખ, અતુલ સોની - માનદ્ મંત્રી*

# અમદાવાદ જ્ઞાતિમંડળ સ્નેહ મિલન સમારોહ

પ્રગટે દીપ - સરસ્વતી સમીપે...
જ્ઞાતિ બાળાઓ







અમદાવાદ જ્ઞાતિ દ્વારા સંચાલિત હોસ્ટેલ અંગે માહિતી આપતા શ્રી જયમીન સોની




.... યાદી ભરી ત્યાં આપની....
- શૈલેષ કંસારા - ભુજ





તેજસ્વી વિદ્યાર્થીનું સન્માન કરતા દાતાશ્રી તુલસીદાસ ઓધવજી

પ્રસ્તુત છે, અહેવાલ....
અતુલ સોની


## અમદાવાદ સમાજની મહિલા પાંખનું સર્જન



આ વર્ષે વાર્ષિક સ્નેહ મિલન દરમ્યાન એકત્રિત મહિલાઓના બહોળા સમુદાયની ઉપસ્થિતિમાં મહિલા-પાંખનું વિધિવત્ ગઠન થયું છે. આ પાંખના પ્રથમ પ્રમુખ તરીકે **રમાબેન પ્રહલાદભાઈ સોની (બારમેડા)**ની સર્વાનુમતે વરણી થયેલ છે. અમદાવાદ સમાજના આબાલવૃધ્ધ સહુ કોઈ માટે રમાબેનની એક માયાળુ વડીલ તરીકેની વિશેષ ઓળખ છે.

રમાબેનનો જન્મ ૯-૭-૧૯૪૨ના રોજ કરાંચીમાં ડુંગરશીભાઈ પરષોત્તમભાઈ મૈચાને ત્યાં, માતુશ્રી મોંઘીબેનની કૂખે થયો. ડુંગરશીભાઈનું મૂળ વતન બેરાજા - કચ્છ હતું. ભારતના ભાગલા થતાં એમનો પરિવાર ૧૯૪૭માં અમદાવાદ આવી વસ્યો. પ્રાથમિક અભ્યાસ પૂરો કરી રમાબેને સીવણમાં ડિપ્લોમા ઉપરાંત પી.ટી.સી.ની તાલીમ મેળવી તેમજ ૧૯૬૧માં બી.એડ. કર્યું. અમદાવાદ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત દસક્રોઈ તાલુકાના ઠાળી ગામે શિક્ષિકા તરીકે નિયુક્ત થયા અને એજ ગામને પોતાનું ગણી ૩૯ વર્ષ સુધી ત્યાં જ અધ્યાપન કાર્ય કર્યું, લોકચાહના મેળવી. સને ૨૦૦૦ ઓક્ટોબરમાં નિવૃત્ત થયા. ત્યારથી ફરી અમદાવાદમાં વસવાટ કર્યો તેમજ સામાજીક પ્રવૃત્તિઓમાં મન પરોવ્યું. જ્ઞાતિ-હિત કાર્યો માટે સદા તત્પર રમાબેન મૃદુભાષી અને સરળ સ્વભાવનાં છે. સંતાનમાં એમને બે પુત્રો – હસમુખભાઈ અને સંજયભાઈ છે. તેમજ એક દીકરી પદ્મિનીબેન છે, જેઓ જામનગરમાં શ્વસુરગૃહે (કોટડિયા પરિવારમાં) સુખી છે. રમાબેનનો વર્ષોનો અધ્યાપન કાર્ય અનુભવ અને સમભાવી દૃષ્ટિમાં આપણા સમાજની મહિલાઓ તેમજ બાળકોના ઉત્કર્ષ માટે અનેક સ્વપ્નો છે. આશા છે, એમના નેતૃત્વમાં આપણો સમગ્ર સમાજ પ્રગતિ કરશે.

*એમના સંપર્ક માટે :* ફોન : ૨૭૫૦૨૯૮૮, મો. ૯૬૦૧૦ ૬૫૬૯૨
*સરનામુ :* બી-૨૨, ઓતમનગર, સાબરમતી, ડી-કેબિન, અમદાવાદ.



## Matrimonial

**Name : KETAN A. PARMAR**
**Parent's Name :** Mr. Anantrai Parmar (Father)
Ms. Malaben Parmar (Mother)
**Mosal (Maternal Family) :** Soni Harilal Devashi (Bhuj, Kachchh)
**Address :** 9, Dharnath Appartment, Vadnagar Patidar Society, Rambaug, Maninagar, Ahmedabad-380 008.
**Contact No. :** 98795 27799, 079-32925252
**D.O.B. :** 27-10-1983
**Monthly Income :** Rs. 2,00,000/-
**Height :** 50.6”
**Weight :** 64 Kgs.
**Educational Qualification :**
(1) Masters of Computer Networking (Melbourne, Australia)
(2) Graduate in Computer Science from Swinburne University of Technology, Australia
(3) Bachelor of Commerce from Gujarat University
**I.T. Qualifications :** (1) M.C.P., (2) C.N.E., (3) C.N.E., (4) C.C.N.A., (5) C.N.A., (6) M.C.P.

## લગ્ન વિષયક



**નામ : જીજ્ઞાસા સુરેશચંદ્ર બગ્ગા**
જન્મ તારીખ : ૧૪ ફેબ્રુઆરી, ૧૯૮૦
ઊંચાઈ : ૫'૫"
વજન : ૫૦ કિ.ગ્રા.
અભ્યાસ : (૧) અર્થશાસ્ત્રના વિષય સાથે સ્નાતક
(૨) સંગીત વિશારદ
શોખ : સંગીત
**<u>પરિવારની વિગત</u> :**
પિતા : બગ્ગા સુરેશચંદ્ર પ્રેમજીભાઈ
માતા : સ્વ. બગ્ગા હર્ષાબેન સુરેશચંદ્ર
ભાઈ : બગ્ગા ધવલ સુરેશચંદ્ર
મામા : બુધ્ધભટ્ટી કિરીટભાઈ પ્રાગજીભાઈ
સરનામુ : બગ્ગા સુરેશચંદ્ર પ્રેમજીભાઈ
'રામદેવ નિવાસ', કાલીકા પ્લોટ-૪,
રવાપર રોડ, મોરબી-૧.
મોબાઈલ : ૯૫૧૦૨ ૫૬૮૨૭

# ગુડ્સ અને સર્વિસ ટેક્સ

**સમીર કંસારા**

વિશ્વ જ્યારે આર્થિક મંદીના પ્રવાહમાંથી નીકળી રહ્યું છે ત્યારે, ભારત જેવા વિકસતા દેશો આર્થિક સુધારાના પગલા લઇ તેનાથી હેમખેમ પસાર થવા પ્રયત્નશીલ છે. વાસ્તવમાં મંદી એટલે "તેજીમાં કરેલી ભૂલોને સુધારવાનો સમય" આમ, આર્થિક સુધારા અને સરળીકરણના પગલારૂપે કેન્દ્ર સરકારના નાણાખાતાએ આગામી એપ્રિલ-૨૦૧૦માં સમ્રગ ભારતમાં આડકતરા વેરા માટે GST (Goods & Service Tax) અમલમાં મૂકવા તૈયારી આદરી દીધી છે. આવો જાણીએ, શું છે આ GST?

કેન્દ્ર અને રાજ્ય સરકાર પોતાના વિકાસના કાર્યો તેમજ દેશની જનતાની સેવા માટે વિવિધ સ્વરૂપે વેરાઓ વસૂલ કરી આવક અને સંપત્તિની અસમાનતા દૂર કરવાના પગલાં લે છે. કેન્દ્ર સરકાર સીધા અને આડકતરા કરવેરા એમ બે પ્રકારે વેરા ઉઘરાવે છે. સીધા કરવેરામાં મુખ્યત્વે આવકવેરો, સંપત્તિવેરો, બક્ષિસ વેરો વિગેરેનો સમાવેશ થાય છે. જ્યારે આડકતરા વેરામાં સેન્ટ્રલ એક્સાઇઝ કસ્ટમ ડ્યુટી, સર્વિસટેક્ષ, વેટ વિ.નો સમાવેશ થાય છે. આ તમામ વેરાની વસુલાત માટે કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલ એક્સાઇઝ ડિપાર્ટમેન્ટ, કસ્ટમ ડિપાર્ટમેન્ટ, ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્ય સરકાર આડકતરા વેરા વસૂલવા માટે કોમર્શિયલ ટેક્ષ ડિપાર્ટમેન્ટ (સેલ્સટેક્ષ), નગરપાલિકા/ગ્રામપંચાયત વ્યવસાય વેરા વિભાગોનો સમાવેશ થાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની આવકનો સૌથી મોટો હિસ્સો આડકતરા વેરા (Indirect Tax)માંથી આવે છે. આડકતરા વેરાના વિવિધ કાયદાઓનો કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સુમેળ બેસાડવા એપ્રિલ-૨૦૧૦થી તમામ વેરાઓને GST એટલે કે Goods & Service Taxની જાળમાં સમાવી લેવામાં આવશે.

અહીં તમામ વેરાઓને બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. જેમાં GST State (રાજ્ય સરકાર હસ્તક)માં VAT(વેલ્યુ એડેડ ટેક્ષ-સેલ્સટેક્ષ), Stamp Duty, Vehicle Tax, Passenger Tax, વિજળી કર, મનોરંજન કર, એન્ટ્રી ટેક્ષ, લક્ઝરી ટેક્ષ, લોટરી ટેક્ષ, ગેમ્બલીંગ - બેટીંગ ટેક્ષ, ખરીદ વેરો વિ.નો સમાવેશ થાય છે.

જ્યારે GST Central (કેન્દ્ર સરકાર હસ્તક)માં સેન્ટ્રલ એક્સાઇઝ, કસ્ટમ ડ્યુટી, સર્વિસ ટેક્ષ, All cesses & surcharge (CSTને નાબૂદ કરવાની દરખાસ્ત છે.)

આમ, GST એ નવો વેરો નથી પરંતુ જૂના/અસ્તિત્વ ધરાવતા વેરાને એક જ પદ્ધતિથી ઉઘરાવવા માટેની સરકારની વ્યવસ્થા છે.

- **GSTના ફાયદાઓ**

☞ કરવેરાને માલ અને સેવા વચ્ચે સરખા ધોરણે વહેંચવામાં આવશે.

☞ કરવેરાના દર ઘટાડવાની દરખાસ્તો છે.

☞ નવા ઔદ્યોગિક સાહસોને આર્થિક દૃષ્ટિકોણથી તથા સ્વતંત્ર દરખાસ્તો તરીકે ધ્યાનમાં લેવામાં આવશે.

☞ આર્થિક પ્રગતિની સાથે નિકાસો વધવાની સંભાવનાઓ છે.

☞ રોજગારી સર્જન માટે તકો

☞ માલ તથા સર્વિસ અંગે એવુંજ રજીસ્ટ્રેશન હોવાથી વેરો વસૂલવામાં તથા ભરવામાં સરળતા રહે.

*વેટ, ઈન્કમટેક્ષ, સર્વિસ ટેક્ષ, ફાઈનાન્સને લગતા કોઈપણ પ્રશ્નો, કોઈપણ જ્ઞાતિજન નીચેના ઈ-મેલ આઈ.ડી. પર મોકલી શકે છે.*

**srk_bj1@yahoo.co.in**

## વ્યક્તિ વિશેષ

### પરસેવાની મહેનતનું પરિણામ

**(અનુસંધાન પાના નં. – ૧૩ ઉપરથી ચાલુ)**

એ જોઇને મને ઝબકારો થયો, હું પણ મુંબઇ જાઉં.

મેં બાપાને પૂછ્યું, કરજો કેટલો છે? 'બે હજારનો' બાપાએ કહ્યું. મેં કહ્યું, હું પણ મુંબઇ જાઉં, પૈસા કમાઉં તો કરજો ઉતરી જશે. ૩૮ વરસ પહેલાંની આ વાત. હું ગમે તેમ કરીને મુંબઇ આવ્યો. પછી થાણા, અંધેરીમાં કરિયાણાની દુકાનમાં અને ચેમ્બુરમાં વિમલ પેટીકોટના કારખાનામાં નોકરી કરી. બારેક વરસ નોકરીમાં કાઢ્યા. પગારમાંથી થોડી બચત કરતો. નાનાલાલ સાથે એક બાંકડો લીધો. આટલામાં બે જણનું પોષણ થાય એમ હતું નહિ. વળી નગરપાલિકાવાળા આવીને બાંકડો તોડી જતા. એટલે છેવટે કાયદેસરનો બાંકડો ભાડેથી લીધો જે રાજારામ આરવીરેકરનો હતો. ડિપોઝીટની રકમ મારી પાસે ન હતી પણ પસ્તીના ધંધામાં છ મહિનામાં કમાણો એટલે બેને બદલે પાંચ હજાર રૂા. રાજારામને આપ્યા. એ ખુશ થઇ ગયો અને મારો દોસ્ત બની ગયો. પછી એ સ્પેન જતો રહ્યો. ત્યાં સ્થાયી થયો. એનું મુંબઇનું કામ હોય તે હું પતાવું. મહિનામાં એકાદવાર જરૂર ફોન કરે. મુંબઇ આવે ત્યારે મારે ત્યાં રોકાય.

અમુએ કહ્યું : મુંબઇમાં આવીને ૧૫ વરસ હાડમારીમાં કાઢ્યા. હાલની કુદાન છે તે પહેલાં ભાડે લીધેલી, પછી વેચાતી લઇ લીધી. આ વાતને ૧૪-૧૫ વરસ થઇ ગયા. પછી ભગવાને મારી સામે જોયું. મેં પણ લગ્ન કર્યા. દેશમાંથી બે ભાઇ રમેશ અને ભરત આવ્યા. એમને પણ ઠરીઠામ કરવામાં બનતું કર્યું. હું તો માત્ર ત્રણ ગુજરાતી ભણેલો પણ મારી મોટી દીકરી બિઝનેસ મેનેજમેન્ટ ભણી. અત્યારે ભુજમાં સાસરિયામાં છે. ત્યાં એ લોકો એને એચ.આર.નો અભ્યાસ કરાવે છે. નાની દિકરી હીના બેન્કિંગ ઇન્સ્યોરન્સનું ભણી છે. મારો દીકરો વિમલ ૧૨મી માં અભ્યાસ કરે છે. પત્ની નિશા (રાત્રિ) એ મારા જીવનમાં અજવાળું પાથર્યું છે. ■

**'સેતુ'ના વૈવિધ્યસભર આગામી અંક માટે પક્ષીઓની તસવીરો, ચિત્રો, લેખ આદિ આ માસની આખર સુધીમાં મોકલવા અનુરોધ છે.**

*– મુખ્યતંત્રી*

# અમદાવાદ-મુંબઇની રિફાઇનરીનું સોનું ટ્રેડેડ ગણાશે

**નિમેષ ખાખરીયા - અમદાવાદ**

સોનાનો ભાવ વર્લ્ડ માર્કેટના ડોલર પ્રમાણે નહીં પણ અમદાવાદ-મુંબઇથી નક્કી કરવા માટે ઇન્ડિયન બુલિયન મર્ચન્ટ એસો. ની સ્થાપના કરવામાં આવી એટલે કે એક-બે વર્ષ પછી ભારતનાં તમામ રાજ્યો અને શહેરોમાં સોનું એક જ ભાવે મળતું થશે. આવી વ્યવસ્થા એટલા માટે કરવામાં આવી રહી છે કે દુનિયામાં વેચાતા કુલ સોનામાંથી ૨૫ ટકા સોનું એકમાત્ર ભારત ખરીદે છે અને દુનિયાભરમાં તૈયાર ઝવેરાતની નિકાસમાં પણ ભારત ટોપ ૫ર છે. હવે ભારતમાં સોનાનો ભાવ લંડન અને ન્યૂયોર્કના બજારો પ્રમાણે નક્કી થશે નહીં, જેથી આંતરરાષ્ટ્રીય બજારમાં થતી સોનાની સટ્ટાખોરી ઉપર નિયંત્રણ આવશે.

નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડની ૫૧ ટકા કેપિટલ અને અમદાવાદ, મુંબઇ તથા અન્ય શહેરોના વિવિધ બુલિયન એસોસિયેશનની ૪૯ ટકા કેપિટલ સાથે ઇન્ડિયન બુલિયન મર્ચન્ટ એસોસિયેશન (આબીએમએ) કંપની સ્થાપવામાં આવી છે, જેમાં બેંક, એફઆઇઆઇ વગેરે પણ સભ્યો છે. ભારત વર્ષે ૮૦૦ ટન સોનાની આયાત કરે છે, જ્યારે વિશ્વના ઝવેરાત માર્કેટમાં ૮૦ ટકા હિસ્સો ભારતના સોનીઓ ધરાવે છે. એપ્રિલમાં ભારતમાંથી કુલ ૫૭૪૯.૫૬ કરોડનાં ઝવેરાતની નિકાસ થઇ છે. આ ઇન્ડસ્ટ્રી વાર્ષિક ૧૫ ટકાના દરે વિકાસ કરે છે. ભારતમાં આયાત થતા સોનાનું ૨૦ ટકા સોનું ગુજરાતમાં આયાત થાય છે અને ઝવેરાતની નિકાસમાં પણ ગુજરાતનો મોટો ફાળો છે. આ સ્થિતિમાં ભારતે પ્રાઇઝ ટેકરની જગ્યાએ પ્રાઇઝ સેટર બનવું જોઇએ તેવું અમદાવાદ અને મુંબઇના બુલિયન ટ્રેડર્સનું માનવું છે. ચોક્સી મહાનના પ્રમુખ હર્ષવર્ધન ચોક્સીનું કહેવું છે કે, 'હાલમાં

> *હાલમાં બુલિયન માર્કેટમાં જે સોનાનો ટ્રેડ થાય છે તે આયાતી સોનું હોય છે અને ભારતની ફેક્ટરીઓમાં રિફાઇન થયેલું સોનું માન્ય ગણવામાં આવતું નથી. આઇબીએમએ દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ અમદાવાદની રિફાઇનરી ગુજરાત ગોલ્ડ સેન્ટર અને મુંબઇની નેશનલ રિફાઇનરીમાંથી બહાર આવેલું સોનું પણ ટ્રેડ માટે માન્ય ગણવામાં આવશે. વિશ્વના તમામ બુલિયન ટ્રેડ સેન્ટરમાં ભારતની ફેક્ટરીનું સોનું ટ્રેડ માટે માન્ય ગણવામાં આવે તેના પ્રયાસો પણ ચાલુ કરી દેવામાં આવ્યા છે.*

ભારતમાં સોનાના ભાવ લંડન બુલિયન માર્કેટ એસોસિએશન નક્કી કરે છે. યુ.કે. અથવા તો યુ.એસ.એ.ની રાજકીય અને આર્થિક સ્થિતિની તેના ૫ર અસર ૫ડે છે. જો ભારતમાં સોનાની કિંમત નક્કી થઇ જાય તો રોકાણકારો, વેપારીઓ અને ગ્રાહકો બધાને ફાયદો થશે, જે અત્યારે નુકશાન થાય છે.'

હાલમાં બુલિયન સેક્ટર ભારતમાં અસંગઠિત હોવાથી સોનાના ભાવ અમદાવાદમાં અલગ અને મુંબઇમાં અલગ છે, એ જ રીતે દેશમાં દરેક જગ્યાએ ભાવ અલગ અલગ છે. આઇબીએમએ દેશભરમાં એક જ કિંમતે સોનું મળે તે માટેની વ્યવસ્થા વિચારી છે. આ માટે રજાના દિવસ સિવાય બપોરે બે વાગ્યે અને સાંજે છ વાગ્યે કિંમતો ભારતમાં માંગ અને પૂરવઠાના આધારે નક્કી થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવાનું આયોજન છે. આ કિંમતો ઓનલાઇન જોઇ શકાશે. નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડની મેનેજિંગ ડાયરેક્ટર અંજની સિન્હાનું કહેવું છે કે, 'જીએસટી (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) અમલી બન્યા બાદ દેશભરમાં ટેક્સનું માળખું એકસરખું થઇ જશે. ત્યારબાદ અમદાવાદનો વેપારી મુંબઇમાં માલ વેચે કે સ્થાનિક માર્કેટમાં, એક સરખો જ ટેક્સ લાગશે. અલગ અલગ શહેરોમાં અલગ અલગભાવે વેચાતા સોનાથી વેપારીઓ અને ગ્રાકોને નુકસાન જાય છે. આ ભાવ એકસરખા રહે તેની વ્યવસ્થા વિચારી રહ્યા છીએ, જે એક-બે વર્ષમાં લાગુ થઇ જશે.' હાલમાં અમદાવાદ અને મુંબઇ સહિત દેશનાં છ શહેરોમાં પ્રયાસ થઇ રહ્યો છે અને એક વર્ષમાં ૪૦ શહેરોમાં આ પ્રયોગ શરૂ થઇ જશે.

*સૌજન્ય : દિવ્ય ભાસ્કર*

## હોસ્ટેલમાં રહેતા છાત્રોનો અનુભવ

***વાર્ષિક સ્નેહ-મિલન કાર્યક્રમ દરમ્યાન, આપણી અહીંની હોસ્ટેલમાં રહેતા છાત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા અને અમદાવાદના આપણા પરિવારો સાથે ભાવનાસભર હૈયે હળ્યા મળ્યા હતા. આ છાત્રોએ એમના હોસ્ટેલ અનુભવ વિશે એમની લાગણી વ્યક્ત કરી તે શબ્દો કરતાં એમના વદનો ૫ર વધુ પ્રભાવક હતી. આ છાત્રોએ જે કહ્યું તેનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.***

- અમારી હોસ્ટેલ અમને ઘર જેવી લાગે છે.
- આપણી જ્ઞાતિનાં એક વડીલ બહેન અમને ઘર જેવુંજ ભોજન બનાવી આપે છે. અમે બધા હોસ્ટેલમાં જ સાથે જમીએ છીએ.
- હોસ્ટેલમાં અમને બધી જ આવશ્યક સગવડો ઉપલબ્ધ છે. પૂરતા હવા-ઉજાસ, પૂરતું પાણી, લખવા-વાંચવા માટે પૂરતી સગવડ છે. અમારી શૈક્ષણિક સંસ્થાઓ સમીપે હોતાં અમને અનુકૂળતા રહે છે.
- સમાજના વડીલો, પ્રતિ સપ્તાહ અમારી ભાળ લેવા આવે છે અને અમારી સાથે થોડો સમય રહે છે. જેથી અમને પારિવારિક સ્નેહની અનુભૂતિ થાય છે.
- ***હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ*** **: રાજન બુધ્ધભટ્ટી - અંજાર, અર્જન સોની - કોટડા, ચંદર બારમેડા - ભુજ, કિશન સોની - ભુજ, હાર્દિક સોની - માનકુવા, શૈવલ સોની - ભુજ, હર્ષિલ સોની - ભુજ**

કલા વિધાન


# રીબીન વર્ક

કૃપા જીતેન બુધ્ધભટ્ટી - ભુજ

આજના યુગમાં લગભગ દરેક મહિલાઓ કેરિયર માઇન્ડેડ હોય છે પણ પોતાના પરિવારને પ્રથમ અગ્રતા આપવી જોઇએ. હા, જીવનમાં એક શોખ અવશ્ય રાખવો જે બાળકો મોટા થઇ જાય પછી વિકસાવી શકાય. સામાન્ય રીતે સંતાનો મોટા થઇ જાય પછી દરેક મહિલાના જીવનમાં એક શૂન્યાવકાશ સર્જાતો હોય છે. ત્યારે દરેક મહિલાને એમ થાય છે કે અમે તો જીવનમાં કશુ કર્યું જ નહિ. અમારું ભણતર તથા આવડત એળે ગઇ. પરંતુ એવું નથી. સંતાનો મોટા થઇ ગયા પછી તમે તમારી આવડત, તમારા શોખને વિકસાવીને તમારો શૂન્યાવકાશ દૂર કરી શકો છો. વધુમાં તમે તમારા ઘરને આર્થિક રીતે પણ મદદ કરી શકો.

મને બાળપણથી જ નવું નવું જાણવા તથા શીખવાનો શોખ રહ્યો છે ડ્રોઇંગ, પેઇન્ટીંગ, ભરતગુંથણ, મડવર્ક વગેરે કરવાનો મને ખૂબ જ શોખ છે. હમણાં થોડા સમય પહેલાં મારું રિબિનવર્ક તરફ ધ્યાન ગયું અને મને તે શીખવાનો શોખ થયો. મોટા શહેરોમાં આ રિબિનવર્કની ખૂબ જ ફેશન છે. આ વર્કથી તમે વિવિધ ડિઝાઇનની વોલફ્રેમ, ડ્રેસ, નેપ્કિન, કુશન કવર, કુર્તી, દુપટ્ટા, બેડ કવર, સોફાબેક, કોફી ટેબલ, ટેબલ મેટ વગેરે બનાવી શકો છે.

રિબિન વર્ક કરવાનું લાગે છે એટલું સહેલુ નથી. આપણા સાદા દોરાથી એમ્બ્રોઇડરી કરીએ તેમાં અને રિબિનવર્ક કરવામાં ઘણો ફેર છે. રિબિન વર્કમાં જુદી જુદી પહોળાઇની રિબિન દ્વારા વર્ક કરવાનું હોય છે. રિબિન વર્કમાં કાપડના વિવિંગ પ્રમાણે મહેનત કરવી પડે છે. જો કાપડ પાતળુ એટલે કે સિલ્ક જ્યોર્જટ, સિફોન જેવું હોય તો તેમાંથી રિબિન સહેલાઇથી પસાર થઇ શકે છે. પણ કોટન જેવા મટીરીયલમાં આ વર્ક સારી એવી મહેનત માંગી લે છે. રિબિન દ્વારા તમે રોઝ, લીવ્સ,





સાંકળી, સ્ટ્રોબેરી, ફ્લાવર્સ, મોતીસ્ટીચ વગેરે બનાવી શકો છો. આ વર્કમાં ડ્રોઇંગ કરેલી ડિઝાઇન કરતા તમે તમારી આવડત પ્રમાણે ડિઝાઇન મૂકો તો વધારે સુંદર લાગશે.

આ વર્ક કરવામાં માટે સાટીનની રિબિનનો ઉપયોગ થાય છે. આ રિબિન તમને બજારમાં સહેલાઇથી મળી રહે છે. રિબિન અલગ અલગ કલરની તથા નંબર ની મળે છે.

અલગ અલગ વર્ક માટે જરૂરી નંબરની રિબિન વપરાય છે. જેમકે ડાળી વગેરે બનાવવા માટે પાતળી દોરી જેવી રિબિન આવે છે. જે જુદા જુદા કલરમાં તથા મલ્ટી કલરમાં મળે છે. રોઝ બનાવવા માટે એક તથા બે નંબરની રિબિન વપરાય છે. રોઝ તમે એક કલરના તથા ડબલ કલરના પણ બનાવી શકો છો. લીવ્સ બનાવવા માટે એક નંબરની રિબિન વધુ સારી લાગે છે. સ્ટ્રોબેરી બનાવવા માટે રેડ કલરની પહોળી રિબિનનો ઉપયોગ કરી તેમાં સાદા બ્લેક કલરના દોરા વડે ડોટસ બનાવવામાં આવે છે.

આ પ્રમાણે તમે થોડી મહેનત તથા કલાસુઝ વડે રિબિન વર્કનો આકર્ષક પીસ તૈયાર કરી શકો છો. રિબિન વર્ક સાથે મીરર, મોતી તથા સ્ટોનનો પણ ઉપયોગ કરી શકાય છે. બાકી તમે તમારી આવડત પ્રમાણે તમારા પીસને ડિફરન્ટ લુક આપી શકો છો. મને આશા છે કે આ માહિતી તમને રિબિન વર્ક કરવામાં ઉપયોગી થશે.

છેવટે એટલું જ કહીશ કે મહિલાઓ પોતાના ઘર-પરિવાર અને બાળકોની જવાબદારી નિભાવવાની સાથે સાથે પોતાના શોખ, પોતાની, કારકિર્દીની સફર પણ સફળતાની સાથે ચાલુ રાખી શકે છે. જરૂર છે ફક્ત આત્મવિશ્વાસ અને સહકારની.

*કલા-પ્રતિભાસંપન્ન અને યુવા ભાઈ-બહેનોને એમની વાતો કહેવા અનુરોધ છે. – મુખ્ય તંત્રી*

# કલદાર કારકિર્દી – કંપની સેક્રેટરી

**સંકલિત**

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (આઈસીએસઆઈ) સંસદીય ધારા હેઠળ સ્થપાયેલી વ્યાવસાયિક રાષ્ટ્રીય સંસ્થા છે. આ સંસ્થા કંપની સેક્રેટરીના વ્યવસાયનું સંચાલન કરે છે. કંપની સેક્રેટરી તરીકેની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે આઈસીએસઆઈ ડિસ્ટન્સ લર્નિંગના માધ્યમથી વિદ્યાર્થીઓને તાલીમ આપે છે. કંપની સેક્રેટરીના કોર્સનું રજિસ્ટ્રેશન કરાવતી વખતે બધા વિષયોની અભ્યાસ સામગ્રી પૂરી પાડે છે.

કંપની સેક્રેટરી બનવા માટેના બે રસ્તા છે. એક બારમા ધોરણ પછી અને બીજો સ્નાતક (ગ્રેજ્યુએશન) પછી. બારમું ધોરણ પાસ કરેલા ઉમેદવારો ત્રિસ્તરીય કોર્સ કરી શકે છે. જ્યારે સ્નાતકની પદવી મેળવેલા વિદ્યાર્થીઓ દ્વિસ્તરીય કોર્સ પસંદ કરી શકે છે. કંપની સેક્રેટરી (સીએસ)ના કોર્સમાં આખા વર્ષ દરમિયાન પ્રવેશ મેળવી શકાય છે. વર્ષમાં બે વાર જૂન અને ડિસેમ્બર મહિનામાં પરીક્ષા લેવાય છે.

- **ફાઉન્ડેશન કોર્સ :**

ફાઉન્ડેશન કોર્સનો સમયગાળો આઠ મહિનાનો હોય છે. તેમાં પ્રવેશ મેળવવા માટે વિજ્ઞાન, વાણિજ્ય (કોમર્સ) કે વિનયન (આર્ટસ) વિદ્યાશાખામાં બારમું ધોરણ પાસ કરેલું હોવું જરૂરી છે. આ અભ્યાસક્રમની ડિસેમ્બર મહિનામાં લેવાતી પરીક્ષા માટે ૩૧ માર્ચ સુધી અને આગામી જૂન મહિનામાં લેવાનારી પરીક્ષા માટે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશ મેળવી શકાય છે. સીએસના ફાઉન્ડેશન કોર્સમાં કુલ ચાર વિષયોનો અભ્યાસ કરવાનો હોય છે.

૧. અંગ્રેજી અને બિઝનેસ કોમ્યુનિકેશન, ૨. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ૩. ફાઈનાન્સિયલ એકાઉન્ટિંગ અને બિઝનેસ લો અને મેનેજમેન્ટ એલિમેન્ટ.

- **એક્ઝિક્યુટિવ કોર્સ :**

ફાઉન્ડેશન પાસ અથવા તો ફાઈન આર્ટસ સિવાય કોઈ પણ વિષયમાં સ્નાતક પાસ ઉમેદવાર એક્ઝિક્યુટિવ કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે. આના માટે ડિસેમ્બરમાં યોજાતી પરીક્ષા માટે ૨૮ ફેબ્રુઆરી સુધી અને આગામી જૂન મહિનામાં યોજાનારી પરીક્ષા માટે ૩૧ ઓગસ્ટ સુધીમાં પ્રવેશ મેળવી લેવો જરૂરી છે. આ અભ્યાસક્રમમાં કુલ છ વિષયોનો અભ્યાસ કરવાનો હોય છે. આ છ વિષયો ત્રણ-ત્રણ પેપર્સના બે મોડ્યુલ્સમાં વહેંચાયેલા છે.

પહેલા મોડ્યુલમાં જનરલ અને કોમર્શિયલ લૉ, કંપની એકાઉન્ટ્સ, કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટિંગ અને ટેક્સ લૉ વિષયોનો સમાવેશ થાય છે. જ્યારે બીજા મોડ્યુલમાં કંપની લૉ, ઈકોનોમિક એન્ડ લેબર લૉ અને સિક્યુરિટિઝ લૉ એન્ડ કમ્પ્લાઈન્સિસ વિષયોનો સમાવેશ થાય છે.

- **પ્રોફેશનલ પ્રોગ્રામ :**

પ્રોફેશનલ પ્રોગ્રામ માટે એક્ઝિક્યુટિવ કોર્સ પાસ કરવો જરૂરી છે. આ કોર્સમાં કુલ આઠ વિષયો ભણવાના હોય છે. જે બે-બે પેપરના ચાર મોડ્યુલમાં વહેંચાયેલા છે.

મોડ્યુલ-૧ માં કંપની સેક્રેટરિયલ પ્રેકટિસ અને ડ્રાફિંટગ, એપિયરન્સ એન્ડ પ્લેડિંગ્સ, મોડ્યુલ-૨ માં ફાઈનાન્સિયલ, ટ્રેઝરી એન્ડ ફોરેક્સ મેનેજમેન્ટ તથા કોર્પોરેટ રીસ્ટ્રક્ચરિંગ એન્ડ ઈનસોલ્વેન્સીનો સમાવેશ થાય છે જ્યારે મોડ્યુલ-૩ માં સ્ટ્રેટેજિક મેનેજમેન્ટ, એલાઈન્સિસ એન્ડ ઈન્ટરનેશનલ ટ્રેડ અને એડવાન્સ ટેક્સ લૉ એન્ડ પ્રેક્ટિસ, મોડ્યુલ-૪ માં ડ્યૂ ડિજિલેન્સ એન્ડ કોર્પોરેટ કપ્લાએન્સિસ મેનેજમેન્ટ તથા ગવર્નેસ, બિઝનેસ એથિક્સ એન્ડ સસ્ટેનેબિલિટીનો સમાવેશ થાય છે.

- **તાલીમ :**

સીએસના વિદ્યાર્થીએ એક્ઝિક્યુટિવ કોર્સ અથવા તો પ્રોફેશનલ પ્રોગ્રામ કર્યા પછી આઈસીએસઆઈ દ્વારા સ્પોન્સર્ડ કંપની અથવા કાર્યરત કંપની સેક્રેટરી પાસે ૧૫ મહિનાની તાલીમ લેવાની હોય છે. પ્રોફેશનલ પ્રોગ્રામ પાસ કર્યા પછી અને સફળતાપૂર્વક ટ્રેનિંગ પૂરી કર્યા પછી ઉમેદવારને એસોસિયેટ મેમ્બર તરીકે આઈસીએસઆઈમાં પ્રવેશ મળી જાય છે. પછી તે પોતાના નામની સાથે એસીએસ (એસોસિએટ કંપની સેક્રેટરી) લખી શકે છે.

- **સીએસનું કામ :**

કંપની સેક્રેટરી, એ કોર્પોરેટમાં થઈ રહેલી પ્રગતિની કરોડરજ્જુ સમાન ગણાય છે. સીએસ લૉ, મેનેજમેન્ટ, ફાઈનાન્સ અને કોર્પોરેટ ગવર્નસ જેવા અનેક વિષયોનું જ્ઞાન ધરાવે છે. આને લીધે તે કોઈ કંપનીના બોર્ડ ઓફ ગવર્નસ, શેરધારકો, સરકાર અને અન્ય એજન્સીઓને જોડનારી કડી બને છે. કોર્પોરેટ લૉ, સિક્યુરિટીઝ લૉ, કેપીટલ માર્કેટ અને કોર્પોરેટ ગવનર્સના જાણકાર હોવાને લીધે સીએસ કંપનીના આંતરિક કાનૂનવિદ્ અને કમ્પલાએન્સ ઓફિસર હોય છે. કોર્પોરેટ ગવર્નસના મામલે તે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના મુખ્ય સલાહકાર હોય છે. તે કોર્પોરેટ પ્લાનર અને સ્ટ્રેટેજિક (રણનીતિક) મેનેજરનું કાર્ય કરે છે.

- **શક્યતાઓ :**

આઈસીએસઆઈ સંસ્થા જોબ શોધતા ઉમેદવારોની સંખ્યાનો સંગ્રહ કરે છે અને તેમને જોબ અપાવવામાં મદદ કરે છે. આ સંસ્થા કેમ્પસ ઈન્ટરવ્યૂ પણ યોજે છે. કંપની સેક્રેટરીને લગતી વેકન્સીને સંસ્થાની વેબસાઈટ પર રજૂ કરે છે. યોગ્ય લાયકાત ધરાવતા સીએસ માટે કારકિર્દીની અપાર શક્યતાઓ રહેલી છે.

બે કરોડ કે તેનાથી વધુ રૂપિયાના પેઈડ-અપ શેર મૂડી ધરાવતી કંપનીઓ માટે એક ફુલ ટાઈમ કંપની સેક્રેટરીની નિમણૂક કરવી જરૂરી છે. તદુપરાંત સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ (રજિસ્ટર્ડ) થવાની કોશિશ કરતી કંપનીઓ માટે પણ કંપની સેક્રેટરીની નિમણૂક જરૂરી છે. તેથી નોકરીની પુષ્કળ તક રહેલી છે. આઈસીએસઆઈની મેમ્બરશીપ (સભ્યપદ) કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ હોદ્દા અથવા અન્ય સરકારી સેવા માટે માન્ય છે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા પાસેથી પ્રેક્ટિસનું પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા પછી કંપની સેક્રેટરી સ્વતંત્ર રીતે પ્રેક્ટિસ કરી શકે છે. આના માટે ભરપૂર શક્યતાઓ છે. કેમ કે દસ લાખ કરતાં વધુ અને બે કરોડ કરતાં ઓછા પેઈડ-અપ શેર મૂડીવાળી કંપનીઓ કમ્પ્લાએન્સ સર્ટિફિકેટના મામલે કંપની સેક્રેટરીની સેવાઓ લે છે. લિસ્ટિંગ એગ્રિમેન્ટની કલમ ૪૯ અનુસાર કંપની સેક્રેટરી કોર્પોરેટ ગવર્નસની શરતો પૂરી કરવા માટેનું પ્રમાણપત્ર ઈસ્યુ કરવા માટે અધિકૃત ગણાય છે. સીએસનો કોર્સ વિવિધ યુનિવર્સિટીના પીએચ.ડી. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે અને કોમર્સ અને મેનેજમેન્ટમાં લેક્ચરર બનવા માટે માન્ય ગણાય છે.


*સૌ. દિવ્ય ભાસ્કર*

*E-mail : kalash@guj.bhaskarnet.com*

**અવિસ્મૃત અતીત**

# જાદવજીભાઈને વફાદારીનું ઈનામ

**સરોજભાઈ શુક્લ - ભુજ**



અહીં પ્રસિદ્ધ કરાયેલી તસવીર સને ૧૯૨૦ની છે. એ સમયે પહેલી મોટરકાર સોલિડ ટાયરવાળી આવી, જેમાં ખેંગારજી અને તેમના પૌત્ર મદનસિંહજી બેઠેલા જોઇ શકાય છે. જેના પહેલા ડ્રાઇવર ભુજના જાદવજીભાઇ બુદ્ધભટ્ટી હતા. આ તસવીર તે સમયે શરદબાગમાં લેવાયેલી. આજથી નેવ્યાસી વર્ષ પહેલાંનો ફોટો છે.

જાદવજીભાઇ મહારાઓ ખેંગારજીના માસિક કોરી ૪૦ ના પગારથી ડ્રાઇવર હતા. જે તે જમાનામાં મર્સીડીસ, રોલ્સરોયસ, બ્યુક જેવી મૂલ્યવાન ગાડીઓ એકમાત્ર તેઓ જ ચલાવતા. મહારાવ ખેંગારજીએ તેમને આ માટે ટેકનિકલ જ્ઞાન માટે લંડન મોકલાવેલા. ભુજમાં પહેલી વીજળી બતી, ટેલિફોન, લોટ દળવાની ફ્લોર મીલ, આઇસ ફેકટરીનું ભુજમાં પદાર્પણ એમને જ આભારી છે. છેલ્લે છેલ્લે રેલવે મોટર કોચ (ટ્રામ) નેરોગેજ જેને આર.એમ.સી. કહેવાતું, એ રેલવે કોચમાં મોટરનું મશીન બેસાડી તેને ચાલુ કરી એટલે ભુજના આધુનિકીરણમાં જાદવજીભાઇનો ઘણો ફાળો છે.



આ તસવીર ભુજના પારસી સરોશ સાહેબની છે, જે એટેચીના નામથી ઓળખાતા. તેઓ દાદાભાઇ નવરોજજીના પૌત્ર થતા હતા. સ્વભાવે બહુ જ કડક, શિસ્તના આગ્રહી, તેઓ જ્યારે ખાન બહાદુર રશીદખાન પોલીસ કમિશ્નર તરીકે આવેલા તેના પી.એ. તરીકે સરોશ સાહેબની નિમણૂક થઇ. તે જમાનામાં એટેચ ટુ ધી પોલીસ કમિશ્નર કહેવાતા એટલે તેઓ એટેચી સાહેબ તરીકે જ ઓળખાતા. કોઇ તેમને એચએટી પણ કહેતા. ઉપરનો ફોટો તેમના ફૂલ પોલીસ યુનિફોર્મમાં છે, અને લગભગ એ પણ સને ૧૯૨૫-૨૬ માં લેવાયેલો છે.

સને ૧૯૪૨માં ખેંગારજીનું અવસાન થયું અને વિજયરાજજી ગાદીએ આવ્યા. તેમણે તે વખતના પોલીસ કમિશનર એમ.આર.કોઠાવાળા જે પારસી ગૃહસ્થ હતા અને એના પી.એ. તરીકે એટેચી સાહેબ હતા. સને ૧૯૪૭ની સાલમાં મહારાઓએ એટેચીને જાદવજી બુદ્ધભટ્ટીની ધરપકડ કરવાનો હુકમ કર્યો. જે એમણે આ મારું રાજીનામું હું જાદવજીભાઇ ને વગર ગુન્હાએ પકડી શકું નહીં અને જાદવજી મારો મિત્ર થાય. આમ મિત્રતા ખાતર આ વટના ટુકડાએ નોકરી મૂકી દીધી.

આ બધી હકીકત જાણનાર પ્રાણલાલ શાહે જાદવજીભાઇને જાણ કરી કે તમારી ધરપકડ કરવા માટે રણજિતવિલામાં કારસો રચાય છે. જાદવજીભાઇ માનસિક રીતે તૈયાર જ હતા. એટેચીએ રાજીનામું આપ્યું એટલે ભુજ સીટી ફોજદાર પ્રભાશંકર જોષીને હુકમ થયો અને ફરમાન થયું કે જાદવજીને હાથમાં બેડી અને દોરડાં બાંધી ભુજની બજારમાં ફેરવી, હાઇકોર્ટમાં લઇ જવા. પ્રભાશંકર તો પોલીસ પાર્ટી સાથે જાદવજીભાઇને બંગલે ગયા ત્યારે તેમના કુટુંબીજનો, મોતીલાલભાઇ, કેશવજીભાઇ વગેરે બેઠા હતા. ત્યારે પ્રભાશંકરે ધરપકડનું વોરન્ટ બતાવ્યું એટલે જાદવજીભાઇએ ફોજદારને કહ્યું તમે ભીડમાં ચબૂતરા પાસે ઊભા રહો, હું મારી ગાડીથી આવું છું.

બપોરનો સમય હતો, ભુજમાં હડતાલ પડી ગઇ. સોની કંસારાભાઇઓ કામધંધા બંધ કરી બધા સરઘસમાં જોડાઇ ગયા. તે વખતે પ્રાણભાઇએ આગેવાની લીધી. સાથે જશભાઇ વૈદ્ય, હકાલાલ, કાંતિ બુદ્ધભટ્ટી, શામજીભાઇ કંસારા અને સાથે અમારી આર્ય વ્યાયામ શાળા. હુકમ પ્રમાણે ફોજદારે જાદવજીભાઇને બાવડામાં દોરડું બાંધ્યું. હાથમાં બેડી પહેરાવી, જાદવજીભાઇએ કચ્છી પાઘડી, પેન્ટ, શર્ટ કોટ અને બોન્ટાઇ પહેરેલાં હતાં. બજારમાં તેને ફેરવ્યા પણ પહેલો ફૂલહાર પરશોત્તમ ફેન્સીએ જાદવજીભાઇને પહેરાવ્યો અને બીજો ફુલહાર દવાવાળા જેરામભાઇ, વિસરામભાઇએ પહેરાવ્યો. છટાથી જાદવજીભાઇ ચાલતા હતા. પાછળ મોટું ટોળું, સ્લોગન બોલતા જાય, ડીક્ટેટર શીપ મુર્દાબાદ... રાજાશાહી ખતમ કરો... યે જુલ્મશાહી ખતમ કરો... યે જુલ્મશાહી નહીં ચલેગી .... આમ આખું સરઘસ ભુજની હાઇકોર્ટમાં ધસી ગયું. લોકોનો જુસ્સો એટલો હતો કે જે કંઇ ફરનીચર હતું તેને લોકોએ તોડફોડ કરી નાખ્યું. તે વખતે ચીફ જસ્ટીસ તરીકે જુનાગઢના નાગર જે.ડી. રાણા હતા.

બીજા જજ તરીકે ભુજના નાગર માંકડ નૌતમલાલ હતા. જ્યારે એડવોકેટ જનરલ તરીકે ભુજના ઠક્કર રાઘવજીભાઇ હતા અને રજિસ્ટ્રાર તરીકે એન.ડી. મહેતા હતા. જાદવજીભાઇ જામીન પર છૂટ્યા, સાંજે પંચહટડી ચોકમાં જાહેરસભા ભરાણી. આ લખનાર ભલે તે સમયે વિદ્યાર્થી હતો પણ પ્રાણુભાઇની આર્ય વ્યાયામશાળાને કારણે સાથે રહેતો એટલે આ બધું પ્રત્યક્ષ જોયેલું. સન ૧૯૪૨-૪૩માં જવાબદાર રાજતંત્રનો લોક જુવાળ હતો. તેમાં વળી જાદવજીભાઇની ધરપકડ થતાં બળતામાં ઘી હોમાયું.

***સૌજન્ય : 'કચ્છમિત્ર'***

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના સાચા જવાબો :

(૧) રાજશેખર રેડ્ડી, (૨) રાજીવ ગાંધી, (૩) ઓમર અબ્દુલ્લા.

સાચા જવાબ મોકલનાર મિત્રોના નામ નીચે પ્રમાણે છે:

૧. કનૈયાલાલ કંસારા - ડીસા

૨. ક્રિષ્ના અનિલકુમાર બારમેડા - ભુજ

૩. સોની વિધિ લક્ષ્મીદાસ

૪. સોની જીગર હિંમતલાલ - વિથોણ.

આ પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **ક્રિષ્ના અનિલકુમાર બારમેડા - ભુજ.** તેમને **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મોકલાવી આપવામાં આવશે. અભિનંદન.

હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :

૧. 'જ્ઞાતિસેતુ' સામયિકની પ્રકાશન અવધિ શું છે?
   (અ) માસિક, (બ) દ્વિ-માસિક, (ક) ત્રિ-માસિક

૨. 'જ્ઞાતિસેતુ'ના ઓગસ્ટ-સપ્ટેમ્બર અંકમાં ચતુરંગી જાહેરાતો કેટલી હતી?
   (અ) ૫, (બ) ૨૫, (ક) ૨૬.

૩. 'જ્ઞાતિ-સેતુ'નું આ કેટલામું વર્ષ છે?
   (અ) ૩, (બ) ૪, (ક) ૫.

***નીચેના વાક્યમાં ખાલી જગ્યા પૂરો :***

હું 'જ્ઞાતિસેતુ' નિયમિત ____________________

મને એનો ____________________ વિભાગ ગમે છે.

ઉપરોક્ત સવાલોના જવાબો, આપના પૂરા સરનામા સાથે ***<u>તા. ૧૦-૧૨-૨૦૦૯ સુધી</u>***માં જ્ઞાતિસેતુ કાર્યાલય પર મોકલાવી આપવા વિનંતી છે. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડર દ્વારા મોકલાવી આપવામાં આવશે. ■

## ભજન

*તેરે સમંદરમેં ક્યા કમી થી, ક્યું મેરે આંસુ બહા રહા હૈ*
*હમને તો ચાહી ઝલક તુમ્હારી, ક્યું અપની સુરત છીપા રહા હૈ.*

*અદાયેં તેરી મનહર પ્યારી, હૃદય બસાલી છબી તુમ્હારી*
*પરમ પુનીતમ કમલ નયન તુમ ક્યું હમસે આંખે ચુરા રહા હૈ... તેરે...*

*કુંજ ગલીહાનમેં ખેલે કનૈયા ઔર મધુબનમેં બંસી બજૈયા*
*નટખટ આજા, ઝલક દિખા જા ક્યું હમસે બાતે બના રહા હૈ... તેરે...*

*કદમ કદમ પર તુમ્હારી યાદે, તુમ્હારે પથ પે નિભાયે વાદે*
*હે નંદ નંદન, હે રાધે રમણમ્, બાલક તુમકો બુલા રહા હૈ... તેરે...*

***શાંતાબેન અમૃતલાલ બારમેડા***

## હાસ્યનો ફુવારો

ટીનિયો : આ તારો ગાલ કેમ બળી ગયો?

ચનિયો : એમાં એવું થયું કે, હું ઈસ્ત્રી કરતો હતો અને મોબાઈલ રણકી ઉઠ્યો!

★ ★ ★

ચમન એક હોટલમાં ઉતર્યો હતો. સવારે તે રૂમની બહાર આવ્યો. મેનેજરે હસતા હસતા પૂછ્યુ : કેમ? ઊંઘ બરાબર થઈને?

આખી રાત મચ્છર અને માંકડના ત્રાસથી સુઈ ન શકેલા ચમને કહ્યું : હા, પહેલા મને થયું કે મચ્છરો ભેગા થઈને મને ઉપાડી જશે પણ આભાર માનો માંકડનો કે તેમણે મને પકડી રાખ્યો.

***સોની જીગર હિંમતલાલ - વિથોણ***

## જ્ઞાતિ-સેતુ વાર્ષિક (એક વર્ષનું) લવાજમ સ્વીકાર

૧. શ્રી મહેન્દ્ર ડી. સોની, એસ.કે.વી. નગર, લખપત.

૨. શ્રી રાજુભાઈ વેલજી પોમલ, ભુજ.

સેતુ પરિવાર સભ્યોની સુવિધા હેતુ ગત વર્ષથી ત્રણ વર્ષનું લવાજમ સાથે લેવાનું (રૂા. ૩૦૦/-) નક્કી કરવામાં આવ્યું છે. સભ્યોને વિનંતી છે કે તેઓ ત્રણ વર્ષનું લવાજમ સાથે મોકલે.

***– લવાજમ વ્યવસ્થાપક***


## नूतन वर्षाभिनंदन

આપણે સૌ જ્ઞાતિજનો
વિક્રમ સંવત ૨૦૬૬ દરમ્યાન
જીવન વિકાસ તથા ભૌતિક વિકાસના
નવા શિખરે પહોંચીએ તેવી
મહાકાલીકાને પ્રાર્થના....

**જ્યોતિ બુધ્ધભટ્ટી વી.ઓ. બુધ્ધભટ્ટી**
**દેવાંશી બુધ્ધભટ્ટી નિલેષ બુધ્ધભટ્ટી**
**હર્ષા બુધ્ધભટ્ટી**

૨૦, નેમ નિવાસ, જેષ્ઠા નગર,
ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
**ફોન : ૨૫૪૪૬૨**